Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૧૫ • તા. ૭ થી ૧૩ એપ્રિલ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14

## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ અને માતુશ્રી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલયના

છાત્ર-છાત્રાઓ માટે અદ્યતન ટેકનોલોજીના અભ્યાસાર્થે હાલમાં **માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર** તરફથી ૭ લેપટોપ સેટ ભેટ અપાયા. સંસ્થાના પદાધિકારીઓ અને છાત્રોએ આ ઉપયોગી ભેટ બદલ હાર્દિક આભાર-અનુમોદના વ્યક્ત કરેલ.

આ લેપટોપ સેટમાંથી ચાર કન્યાછાત્રાલયને અને ત્રણ વિદ્યાર્થીગૃહને ભેટ અપાયેલ છે.









## સુચના

જ્ઞાતિગૌરવની સિધ્ધિઓ અને જાહેરખબરોના રંગીન કવર પેજમાં પ્રકાશન માટે આગોતરા આયોજનપુર્વક મોકલવા વ્યવસ્થા કરવી. પાના અને સમયની મર્યાદા હોઈ "વહેલો તે પહેલો"ના ધોરણે એ બાબતો સ્વીકારાશે અને ક્રમશઃ પ્રસિદ્ધ થશે. પ્ર.સ. સાપ્તાહિક નિયમિતપણે જ્ઞાતિના સાત હજાર પરિવારોને દર સપ્તાહે મોકલાય છે. એટલે જ્ઞાતિ ગૌરવની બાબતો, ફોટા, સામુહિક કાર્યક્રમોની ઝલક અને આપની જા.ખ. સમયસર મોકલવા વિનંતી.

રંગીન જા.ખ.નાં દર પાના દીઠ રૂા.૬,૦૦૦/- છે. જા.ખ. માટે મોકલનારે પુરૂં બીલીંગ નામ-સરનામું, જા.ખ. સાઈઝ અને પેમેન્ટ સાથે મોકલવા અનુરોધ છે.

# મોમાયા પરિવારનું ગૌરવ







(સાંયરા-ચાલીસગામ)

## કુ. નેહા લલિત મોમાયા

**M.S.** in **Architecture** (Urban Design)
May 2010, Pratt Institute (Newyork-U.S.A.)
B. of Architecture-May 2007 1st Class
Dr. B.N.College of Architecture-Pune

### શિક્ષણ ક્ષેત્રે એવોર્ડસ્

- Gold Medal as Best Student Award
- Best Hostelite Student Award (BKSS-Pune)
- Gracioius Gratitutde Award
- Best Tour Organizer Award
- M. & A International Co. New York માંથી એક વરસનું સફળતાપુર્વક એક્સપીરીયન્સ લઈને ભારત આવેલ છે.

Recently join in Seri Indl. Arch in Mumbai as Arch. & Designer

## કુ. નમ્રતા લલિત મોમાયા

**M.S.** In **Fashion Management (A)** in National Institute of Fashion Management, Mumbai
Master Diploma in Aperal Production Marchaities & Management (1st Class)
SOFT College, Pune.
Bachelor in Fashion Design
SOFT College, Pune.

### શિક્ષણ ક્ષેત્રે એવોર્ડસ્

- Best Collection of Year 2005
- Best Cuts & Selwets 2006
- Best Collection of the year 2006
- New Treand Seter 2006
- Recently Join with Murzani Group-Mumbai (Calvin Kelin) as Visual Merchantiser

## હાર્દિક અભિનંદન અને વધુ સફળતાની શુભેચ્છાઓ...

### શુભાશિષ

દાદા-દાદી : **અ.સૌ. લક્ષ્મીબેન લહેરચંદ મોમાયા** (સાંયરા-ચાલીસગામ)
નાના-નાની : **અ.સૌ. રમાબેન ગોવિંદજી દંડ** (લાલા-નાંદગામ)
મમ્મી-પપ્પા : **અ.સૌ. રેખા લલિત મોમાયા**

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: સમિતિ સભ્યો :**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ નાગડા
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધીજ**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

# તંત્રી સમીપે : "અનંતછાયા"ની છાયા સૌને ફળો...

મુંબઈની અનંતનાથજી ટ્રસ્ટની માલિકીની "અનંતછાયા" મિલકતે પચાસેક વર્ષ પહેલાં સર્જેલ વિવાદ-ઉત્તેજના વંટોળની જાણે પુનરાવૃતિ પ્રગટ થતી હોય તેમ છેલ્લા કેટલા મહીનાઓથી જ્ઞાતિમાં તેના વિષે ચર્ચાના ચગડોળ તીવ્ર જોર-શોરથી ઘૂમી રહ્યાં છે. મુંબઈના તો ઠીક દેશાવરોના પણ નાના-મોટા, ભૂતકાલીન તે વર્તમાન જ્ઞાતિકર્મીઓ જ્યાં પણ મળે છે ત્યાં, પહેડાઓમાં, પ્રાર્થનાસભાઓમાં ને તાજેતરમાં સમસ્ત મહાજનની અમદાવાદ અને જામનગરના જ્ઞાતિજનો સાથેની સંપર્કસભાઓમાં પણ, આ ચર્ચાનો દોર ઉપાડી લે છે કે સાંધી લે છે, જેમાં અલબત્ત, રોષ-વિષાદ કરતાં યે જ્ઞાતિહિત માટેની ચિંતા-ખેવનાની લાગણીઓ વિશેષ માત્રામાં હોય છે.

પચાસએક વર્ષ પહેલાં અનંતછાયાના ૬૪ ફ્લોટોની ફાળવણીનો પ્રશ્ન કોર્ટ કાર્યવાહીઓમાં ગુંચવાઈ ગયો હતો ત્યારે જ્ઞાતિજનો મૂક પ્રેક્ષકોની જેમ બોલી રહ્યા હતા પરંતુ અત્યારે તેઓ આ મુદ્દે સામસામા દૃષ્ટિબિંદુઓને અનુલક્ષીને ઉગ્રતાથી બોલી-વર્તી રહ્યા છે. તેટલો તફાવત છે.

આમ છતાં અનંતછાયાના વેચાણ અંગેની ચર્ચા-વિવાદનું ઉષ્ણતામાન અનિચ્છનીય સ્તરે વધી ગયું છે. તેની નોંધ લેવાની સાથે તેવા ઘોંઘાટજનક વાતાવરણમાંથી બહાર આવીને, જે કારણસર અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ આ વેચાણ કરવાનો નિર્ણય લીધો તેની પણ શાંત ચિત્તે અને પૂરેપૂરી તટસ્થતાથી વિચારણા થવી જોઈએ તે વાત બહુસંખ્ય જ્ઞાતિજનોના ધ્યાનમાં આવી નથી અને આમ પાંચ-છ મહીનાથી સમસ્ત જ્ઞાતિમાં એક જ બાજુનો હોબાળો મચાવાઈ રહ્યો છે. તેથી તે મુદ્દે ટ્રસ્ટીઓને અન્યાય થઈ રહ્યો છે તે ભૂલવું ન જોઈએ.

એટલે, ટ્રસ્ટીઓએ જ્ઞાતિ માટે લગભગ સો કરોડનું કોર્પસ ફંડ ઉભું કરવા જે સંકલ્પના કે યોજના કરી તે મૂળ મુદ્દો આ બધા શોરબકોરમાં દબાઈ ગયો છે તેને ફરીથી સપાટી ઉપર લાવવો જરૂરી છે, જેથી આ ચર્ચા-વિચારણામાં સમતુલા જાળવી શકાય.

આજે આખી જ્ઞાતિ માટે વાર્ષિક દસેક કરોડની રકમ ઉપલબ્ધ થાય તો તેમાંથી લગભગ દરેકેદરેક જરૂરિયાતમંદ જ્ઞાતિજનની બુનિયાદી, શૈક્ષણિક, માંદગી-સ્વાસ્થ, અનાજ-ભોજન અંગેની સમસ્યા હલ થઈ શકે અને જેમને રહેઠાણ બાબતની મુશ્કેલી હોય તેવા જ્ઞાતિકુટુંબોનો પ્રશ્ન ઉકેલવામાં પણ અમુક અંશે સહાયભૂત થઈ શકાય અને તેને કારણે આપણી તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને એકમો કે સ્થાનિક મહાજનનોને પણ આર્થિક રીતે રાહત થાય તેવી અપૂર્વ સત્વશીલ સંકલ્પના વર્તમાન મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટના નેતૃત્વે અંકુરીત કરી તેની પ્રશંસા - સરાહના કરવાનું થોડાક જ્ઞાતિજનો સિવાય કોઈને સુઝ્યું નથી-વ્યક્ત કરવાની વાત તો બાજુએ રહી તે હકીકત જ્ઞાતિમાં હજી પણ એકંદરે નકારાત્મક માનસિકતા વ્યાપકપણે ફેલાયેલી છે તેની દ્યોતક છે તેમ ચોક્કસપણે કહી શકાય.

એ જે હોય તે, આ અદ્ભૂત અને ઊંડી જ્ઞાતિદાઝને મુખરિત કરતી સંકલ્પનાને આકારબધ્ધ કરવા ટ્રસ્ટીઓએ "અનંતછાયા"ને પહેલી પસંદગી આપવી પડી કારણ કે તેમના પૂર્વ ટ્રસ્ટીઓએ તે બાબતે એક ડેવલપર સાથે જે કરાર કર્યો હતો તેનો નીવેડો લાવવાની સૌ પહેલાં જરૂરત હતી.

પરંતુ, અહીં સુધી, ટ્રસ્ટવહીવટની પ્રક્રિયામાં સમુચિત આયોજન કરવામાં ટ્રસ્ટીઓએ જે કાળજી દાખવી તે ત્યારપછીના તબકકામાં, ઉપરોક્ત વિશાળ પાયા પર રચાયેલી ઉમદા પણ મહત્વાકાંક્ષી સંકલ્પનાને ચરિતાર્થ કરવા માટે અતિ આવશ્યક એવું પરિબળ એટલે કે જ્ઞાતિને વિશ્વાસમાં લેવાની અગત્યતાને ટ્રસ્ટીઓએ ખાસ મહત્વ ન આપ્યું ત્યારથી અને ખાસ કરીને અનંતછાયાનું વેચાણ કરવા માટેનો ટ્રસ્ટીઓએ નિર્ણય લીધો ત્યારથી

આ બહુમુલ્ય સંકલ્પના-યોજના હાંસિયામાં ધકેલાઈ ગઈ છે કારણકે જ્ઞાતિના ન કેવળ સામાન્ય જ્ઞાતિજનના પરંતુ અગ્રણીવર્ગના સમગ્ર જનમાનસને, અનંતછાયા જેવી મહામુલી મિલકતનો માલિકી હક છોડી દેવાનો વિચાર સુધ્ધાં ઊંડો આઘાત પહોંચાડી શકે છે તે પ્રકારની જ્ઞાતિની નાડ ટ્રસ્ટીઓ પારખી ન શક્યા તે એક આશ્ચર્ય છે!

અલબત, જનમાનસ કઈ રીતે વર્તશે તેની પૂર્વધારણા કરવામાં ભૂલ-કસુર થઈ તેટલી વાત માત્રથી જ, અત્યારે જે રોષ-પ્રકોપ મચાવાઈ રહ્યા છે તે એ રીતે યોગ્ય નથી કે બીજી બાજુ, ટ્રસ્ટીઓએ પ્રમાણિકપણે, મિલકતો પુનર્વિકાસ કરવા માટે જે કાયદાકીય અભિપ્રાય કે માન્યતાનો આધાર લીધો એટલે કે "વેચાણ કર્યા વિના કોઈ મિલકતનો કાનૂની રીતે પુનર્વિકાસ શક્ય જ નથી." તેવા, ભલે ક્ષતિયુક્ત પણ, પ્રમાણિક મત કે અભિપ્રાયને ટ્રસ્ટીઓએ આધારભૂત ગણ્યો તે મુખ્ય કારણે જ ટ્રસ્ટીઓએ "અનંતછાયા"નું વેચાણ કરવાનો નિર્ણય લીધો. તે મુદ્દો ટ્રસ્ટીઓની તરફેણમાં ગણાવો જોઈએ.

એટલે, ટ્રસ્ટીઓએ, તેમણે મેળવેલ કાનૂની અભિપ્રાય કે પ્રમાણિકપણે માની લીધેલ કાનૂની વસ્તુસ્થિતિથી દોરવાઈ એ "અનંતછાયા"નું વેચાણ કરવાનું પગલું લીધું - અને નહીં કે આ મિલકતની જાળવણી-વહીવટ કરવાની પળોજણમાંથી મુક્ત થાય-તે હકીકત પણ ટ્રસ્ટીઓની તરફેણમાં મૂકવી જોઈએ.

પરંતુ ટ્રસ્ટીઓની મિલકતના પુનર્વિકાસ અંગેની કાયદાકીય વસ્તુસ્થિતિ વિષેની (પ્રમાણિક) માન્યતાની સામે, હકીકતમાં તેનાથી વિપરિત જે કાનુની જોગવાઈઓ ઉપલબ્ધ છે. તેનો કોઈ પણ ક્ષતિ કર્યા વિના આધાર લઈ શકાય અને તેના અનુરૂપમાં સંપૂર્ણતઃ કાનુની દાયરામાં રહીને અનંતછાયા કે ટ્રસ્ટની મુંબઈના પરાઓની ભાંડુપ કે કાંજુરમાર્ગની અન્ય મિલકતોનો, ટ્રસ્ટની માલિકી અકબંધ રાખીને પણ પુનવિકાસ કરી શકાય તેમ છે. તેની ઉપરછલ્લી રૂપરેખા વિચારીએ તો, સંબંધિત ડેવલપર પુનર્વિકાસની યોજનાની રૂએ ભાડુતો માટે નવું મકાન, ટ્રસ્ટ માટે દેરાસરજી, ઉપાશ્રય, અતિથિગૃહ, સભાગૃહ ઇત્યાદિનું બાંધકામ કરવાની સાથોસાથ પોતે (ડેવલપર) ફ્રી સેલના એટેલ કે બહારના ખરીદકર્તાઓના ફ્લેટો માટે જે બહુ મજલી ટાવરનું બાંધકામ કરવાના હોય તેની સંલગ્ન જમીન (જે આખી જમીનના લગભગ ૧/૩ હિસ્સા જેટલી થતી હોય)

તે જમીનને ડેવલપરને કે તેની અલગ સોસાયટીને ટ્રસ્ટે લીઝ પર એટલે કે ભાડેથી આપવી, પરંતુ ભવિષ્યમાં રાજ્ય સરકાર કે નગરપાલિકા દ્વારા બાંધકામ અંગેના નીતિનિયમોમાં ફેરફાર થાય જેને પરિણામે, ઉપરોક્ત લીઝ પર અપાયેલ જમીન સંબંધિત પણ વધારાની એફ-એસ.આઈ. કે ટી.ડી.આર. જેવા કે અન્ય કોઈ લાભ પ્રાપ્ત થવા પાત્ર થાય તો તે સઘળા લાભો તે લીઝ હોલ્ડર (સોસાયટી)ને ન મળે પરંતુ તે લાભો પણ ટ્રસ્ટને જ મળે તે રીતના કરાર ડેવલપર સાથે કરવામાં કાનૂની રીતે કોઈ બાધ નથી કે ખોટું થતું નથી. આ રીતે ટ્રસ્ટની આખી જમીનની માલિકીપણ જળવાઈ રહે અને તેના ભવિષ્યનાં સઘળા લાભો માટે સુરક્ષિત રહી શકે. આવા ફ્રી સેલના મકાનની સંલગ્ન જમીન ૯૯૯ વર્ષના લીઝ પર નજીવા ભાડેથી અપાય તો ડેવલપર પાસેથી પ્રવર્તમાન વેચાણ કિંમત જેટલી જ રકમ મેળવવામાં સામાન્યરીતે મુશ્કેલી નડતી નથી.

આ રીતે કાનુની વસ્તુસ્થિતિ જોતાં અને મુંબઈમાં સ્થાવર મિલકતોના ભાવો જે રીતે કુદકે ભુસકે વધતા રહે છે તે જોતાં આજના પ્રવર્તમાન ભાવોથી પણ ઘણા વધારે મેળવેલ ભાવ પાંચ વર્ષ પછી પણ ઘણાં ઓછા લાગશે તે દષ્ટિએ ટ્રસ્ટની મિલકતોનું સંપૂર્ણ વેચાણ કરવાનું પગલું ટ્રસ્ટને અને એ રીતે સમગ્ર જ્ઞાતિ માટે હિતાવહ નથી તે હકીકતનો સૌ વિચારશીલ જ્ઞાતિકર્મીઓએ સ્વીકાર કરવો જ રહ્યો.

૧૯૬૦ના દાયકામાં અનંતનાથજી ટ્રસ્ટની મસ્જીદબંદર મધેની "બરાખ" (આજની "અનંતદીપ") મિલકત માસિક રૂ.૨૭,૫૦૦/-ના ભાડાથી લીઝપર આપવા ટ્રસ્ટીઓએ નિર્ણય લીધો હતો ત્યારે તે રકમ તે વખતના પ્રવર્તીત વીસેક હજાર જેટલા માસિક ભાડાથી ઘણી ઊંચી હોવાથી ટ્રસ્ટીઓ અને જ્ઞાતજિનો પણ બહુ જ પોરસાયા હતા. તે પછી ડેવલપરે તે ભાડું ન ચુકવતાં ટ્રસ્ટીઓને હાઈકોર્ટમાં કાર્યવાહી કરી જેમાં સાતેક વર્ષના અંતે ટ્રસ્ટને સમાધાન કરવું પડયું જેને પરિણામે વીસ-બાવીસ હજાર જેટલું ભાડું ટ્રસ્ટને મળતું થયું. આજે એજ રકમ ટ્રસ્ટને મળી રહી છે તે આજની બજારકિંમતની સરખામણીમાં હાસ્યાસ્પદ કક્ષાની અને બિલકુલ નગણ્ય લાગે છે. તેવી સ્થિતિ ભાંડુપમાં પંજાબસિંધ બેંકને ભાડે અપાયેલ જગ્યા બાબત થઈ હતી. તેના જેવી જ પરિસ્થિતિ દસેક વર્ષ પછી "અનંતછાયા"ની આજની સર્વોત્કૃષ્ટ લાગતી કિંમતની પણ થઈ શકે તેમ છે.

એટલે અત્યારના તબક્કે સમગ્રતયા દષ્ટિકોણથી અનંતછાયાના પ્રશ્નની વિચારણા કરીએ તો તેનો ઉકેલ શોધવા બહુ મથામણ કરવી પડે કે વિકટ મુશ્કેલી અનુભવવી પડે તેમ નથી કારણ કે ટ્રસ્ટીઓ અને ડેવલપર વચ્ચે થયેલા એમ.ઓ.યુ.માં ક્રમાંક ૨૨ના ક્લોઝમાં એવી જોગવાઈ છે કે આ કરાર બાબતે જ્યાં સુધી ચેરીટી કમીશ્નર પરવાનગી ન આપે ત્યાં સુધી ડેવલપરને અનંતછાયાની મિલકતમાં કોઈ હક મળતો નથી.

તેથી ટ્રસ્ટીઓ અત્યારના કરારને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યા વિના, તેમના તે અંગેના નિર્ણયની પુનર્વિચારણા કરે અને તેમાં ટ્રસ્ટડીડની સાધારણ ખાતાને લગતી કલમ ૧૯(ઓ)ની (જ્યાં સુધી ટ્રસ્ટીઓ આ કલમમાં કાનુની વિધિદ્વારા ઓનરશીપ ધોરણે જગ્યા આપવા અંગેનો સુધારો અમલી ન બનાવે ત્યાં સુધી) પણ સાર્થકતા જળવાય તે માટે તેઓ જ્ઞાતિ અગ્રાણીઓને વિશ્વાસમાં લે તેવી ખેલદિલી દાખવે તો સમગ્ર જ્ઞાતિ માટે હિતપ્રદ સાબિત થશે તે નિઃશંક છે.

અત્યારે જે ડેવલપર સાથે એમ.ઓ.યુ. થયેલ છે તેના મુખ્ય સંચાલક પણ જૈનધર્મી છે અને ધર્મના સિધ્ધાંતોમાં ઊંડી આસ્થા ધરાવવા ઉપરાંત ધાર્મિકવૃત્તિના સુશ્રાવક છે તેથી તેમની સાથે પરસ્પર બાંધછોડ કરી નવી સમજુતી સાધી શકાય તેવા ઉજળા સંજોગો છે.

અનંતછાયાના ભાડુતોએ પણ એક મૂળભૂત મુદ્દો વિસરવો ન જોઈએ અને તે એ કે અનંતછાયાનું અસ્તિત્વ, અનંતનાથજી ટ્રસ્ટના દેવદ્રવ્ય ખાતામાંથી સાધારણ ખાતાને પચાસેક વર્ષ પહેલાં પ્રાપ્ત થયેલ આર્થિક લોનને કારણે જ શક્ય બન્યું હતું. તે વખતે ટ્રસ્ટીઓ પાસે અન્ય કોઈ રીતે ટ્રસ્ટીની આ રહેઠાણ યોજના માટે ફંડ ઉપલબ્ધ ન હતું કે મેળવી શકાય તેમ ન હતું એટલે ન કેવળ જમીન પણ અનંતછાયાના ૧૦૪ જેટલા ફ્લેટો દેવદ્રવ્ય ખાતામાંથી અપાયેલ લોનમાંથી જ નિર્મિત થયા છે તેનું ઋણ આંશિકપણે ચૂકવવું હોય તો જ્ઞાતિના બીજા કુટુંબોને પણ અનંતછાયામાં વસાવી શકાય તે માટે અને નવા બાંધકામમાં ઓનરશીપના ધોરણે મળનાર ફ્લેટનું ભવિષ્યમાં વેચાણ થાય તે વખતે વેચાણ કિંમતનો અમુક અંશ ટ્રસ્ટને ચુકવવાની તૈયારી રાખીને, આ યોજનામાં ભાડુતો દ્વારા સ્વેચ્છાએ સહયોગ અપાય તે માર્ગ અપનાવવામાં કોઈ સંકોચ ન હોવો જોઇએ.

આ પહેલા પણ આ સ્થળેથી સૂચવાયું છે તેમ અનંતછાયાનો પ્રશ્ન સમગ્ર જ્ઞાતિને સ્પર્શે છે, તેમાં પણ અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જ્ઞાતિ માટે મોટા પાયા પર કોર્પસ-ભંડોળ ઉભું કરવાની સંકલ્પના સાથે તેને મૂર્તિમંત કરવા પૂરી નિષ્ઠાથી પ્રયત્નશીલ છે તે દષ્ટિએ એ પ્રશ્ન હવે સમસ્ત જ્ઞાતિને માત્ર સ્પર્શતો જ નથી પરંતુ તેનો ઘનિષ્ટરૂપે અંગભૂત હિસ્સો પણ બની ગયો છે ત્યારે સૌ સંબંધિતો તેમાં ઉદાર અને વિશાળ દષ્ટીકોણ રાખી સકારાત્મક ભૂમિકા અપનાવશે તો અનંતછાયાની "બહુ જન હિતાય" શુભગામી છાયા જ્ઞાતિને મળશે પણ ખરી. સર્વગ્રાહી અને પરિપક્વ વિચારણા દ્વારા અનંતછાયા માટે લેવાયેલ એ પ્રથમ ચરણ ટ્રસ્ટની અન્ય મિલકતો વિષયક ઉપયુક્ત બીજ રોપવા માટેનું નિમિત્ત બનશે તો સમસ્ત જ્ઞાતિને એ છાયા ફળશે પણ ખરી. *- રા.*


॥ શ્રી જયઅંબે માં ॥

**શ્રી અંબેમાતાજીની સમુહ પહેડી**

**મંજલ રેલડીયા**માં શ્રી અંબેમાની નમતા **ઘરમશી** પરિવારજનોની સમુહ પહેડી **તા.૨૯-૪-૧૨ના** સવારના ૯.૩૦ થી ૨ વાગ્યા સુધી યોજાયેલ છે.

રાસ ગરબા તથા પહેડી પસાદનો લાભ લેવા સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહકુટુંબ આમંત્રણ છે. સમયસર પધારવા વિનંતિ છે.

**-: પહેડી સ્થળ :-**

રોટરી ક્લબ સેવા કેન્દ્ર,
સુવિધિનાથ દેરાસરની બાજુમાં, ગોખલે કંપાઉન્ડ,
રઘુવીરનગર, માનપાડા ક્રોસ રોડ, ડોંબિવલી (ઈ)

**-: પહેડીના દાતા :-**

**માતુશ્રી હીરાવંતી મણીલાલ ત્રિકમજી ઘરમશી**

અને

**શ્રી રીશી હંસરાજ ત્રિકમજી ઘરમશી**

**-: સંપર્ક :-**

**વિજય ઘરમશી - 98336 67366**
**ઘનજી ઘરમશી - 93236 45340**
**નવિન ઘરમશી - 2490887**



॥ શ્રી આદેશ્વરાય નમઃ ॥

# KHONA

## INVETMENTS

**પોસ્ટ ઓફિસ-બેંકની સ્મોલ સેવિંગ્સની સલામત સ્કીમોમાં રોકાણ કરવા સંપર્ક સાધો.**

**-: સંપર્ક :-**

**ફાલ્ગુન લખમશી ખોના**
**(નલિયા-ભાંડુપ)**
**અનંતસિધ્ધિ, એલ.બી.માર્ગ, ભાંડુપ (વે)**
**મોબાઈલ : 09820 620 499**

॥ શ્રી આદેશ્વરદાદાય નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. જૈન જશાપુર મહાજન

શ્રી જશાપર નગરે જ્ઞાતિ મુકટમણી શેઠ **શ્રી કેશવજી નાયક** સ્થાપીત ૧૩૫ વર્ષ પ્રાચીન જિનાલયમાં બિરાજમાન શ્રી આદેશ્વરદાદા આદિ જિનબિંબોની પુનઃપ્રતિષ્ઠા બાદ પ્રથમ પર્યુષણ પર્વની ઉજવણી કરવા ગામવાસીઓ તથા નિયાણી બહેનો સપરિવાર માદરે વતન પધારવા ભાવભર્યું આમંત્રણ છે. પર્યુષણ **તા.૧૪-૮-૨૦૧૨ થી ૨૨-૮-૧૨** દરમ્યાન છે. સર્વ વ્યવસ્થા મહાજનશ્રી અંતર્ગત રહેશે. મુંબઈથી પ્રસ્થાન તથા ત્યાંથી પુનઃપ્રસ્થાન માટે રેલ્વે ટીકીટોની વ્યવસ્થા સ્વયં કરી લેવા વિનંતી છે. આવનાર ભાગ્યશાળીઓનાં નામ આગળથી જણાવવા વિનંતી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહેશે.

**સંપર્ક : ગૌતમ ધરમશી - 098691 21666 ● વિરેન ધરમશી - 098196 55254**

## અગત્યની સભા

રવિ. **તા.૧૫-૪-૧૨**નાં સાંજે ૪ થી ૬ દરમ્યાન **મુલુન્ડ (વે)** માં ગામમાં મહોત્સવ બાદ પ્રથમ મીટીંગનું આયોજન છે. તો સર્વે ગામવાસીઓને પધારવા નમ્ર વિનંતિ છે. પર્યુષણ પર્વ વિષે ચર્ચા વિચારણા તથા મહોત્સવ ફંડના હિસાબોની રજુઆત કરવામાં આવશે.

**(સાંજે ચૌવીહારની વ્યવસ્થા રાખેલ છે)**

**-: સભા સ્થળ :-**

ગોપુરમ હોલ (બાલાજી હોલ), ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ
જ્ઞાનસરીતા સ્કુલની બાજુમાં, મુલુન્ડ (પ), મુંબઈ-૪૦૦૦૮૦.

**સંપર્ક : ગૌતમ ધરમશી - 098691 21666**
**વિરેન ધરમશી - 098196 55254**

## વજન, પેટનો ઘેરાવો મહિનામાં ઘટાડો

**સંપર્ક : ફોન 09869447858**

પરેજી-આડઅસર વગર સુવાવડ પછીનું ફુલેલું પેટ, બેઠાળુ શરીર, થાઈરોડ, સોજા, માસિક (મેનોપોઝ) પ્રોબ્લેમ, જુની કબજીયાત, વાયુથી વધતું વજન, હાથ-પગની ચરબી, કમરનો ઘેરાવો વગેરે ઘરે બેઠાં ઘટાડીને પાતળા બનો. (વજન પાછું વધતું નથી)

સંધિવા, પગ-ઘુંટણ કમરનો દુખાવો, વા, ચાલવામાં તકલીફ થાક લાગવો વગેરેમાં આરામ અને વાળ ખરતાં અટકાવો, લાંબા બનાવો.

**વધુ માહિતી-09819769903**
**(ડો. આશાબેન મહેતા)**

## સમુહ વર્ષીતપ પારણાનાં સ્થળમાં ફેરફાર

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ આયોજિત સંવત ૨૦૬૮-અખાત્રીજ **તા.૨૪-૪-૧૨** મંગળવારનાં રોજ થનાર વર્ષીતપના સમૂહ પારણાનું સ્થળ કામગાર ક્રિડા કેન્દ્ર એલ્ફીન્સ્ટનના બદલે હવે **સોમૈયા ગ્રાઉન્ડ નં.૨ અને ૩ મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર** મધ્યે નક્કી થયેલ છે. જેની વર્ષીતપના સર્વ આરાધકોએ નોંધ લેવા વિનંતિ આપ સૌ આરાધકો શાતામાં હશો.

તા.ક. સવંત ૨૦૬૮ના વર્ષીતપ આરાધકોના અતર પારણાં સોમવાર **તા.૯-૪-૧૨**ના રોજ શ્રી માટુંગા ક.મૂ.પૂ. જૈન સંઘની શ્રી નારાણજી શામજી મહાજનવાડી મધ્યે રાખેલ છે. જે દિવસે આરાધકોને પારણાંની આમંત્રણ પત્રિકા, સીટ નંબર અને જરૂરી સૂચનાઓ આપવામાં આવશે.

**સમુહ વર્ષીતપ પારણા સમિતિ વતી**
**બકુલ ઉમરશી શાહ (કન્વીનર)**

## શ્રી મુંબઈ મહાજન યોજીત સમેત શિખરજી મહાયાત્રાના સ્પે. ટ્રેનના યાત્રિકોના પ્રતિભાવ

મુંબઈ મહાજનની ટીમ દ્વારા સમેતશિખર યાત્રાનું ખુબ સુંદર આયોજન, સુવ્યવસ્થિત સરભરા અને કાર્યકરોએ બજાવેલ સેવાભાવના ખુબ અનુમોદનીય-પ્રશંસનીય રહી. ૧૧૦૦ જણાનું સવારથી લઈ રાત્રિ સુધી દરેક ખાનપાન, ઉતારા, વાહનવ્યવહાર આદિ સુવિધા કાબીલેદાદ હતી. સૌને ધર્મમય વાતાવરણમાં યાત્રાની પ્રસન્નતા અનુભવાઈ. ૧૦૮ પાર્શ્વનાથ પુજન અને નવકારમંત્ર જાપ આદિનો લાભ મળ્યો. અમારી બોગીમાંથી ૫૯ જણાંએ પહેલીવાર આ યાત્રા કરી. મહાજનશ્રીની ટીમને હાર્દિક અભિનંદન.

**- બોગી નં.૧ના યાત્રિક**

મહાજનશ્રીના માનદમંત્રી શ્રી ચેતન મોતા અને કાર્યકરોની અથાગ મહેનતે અમારી યાત્રા ખુબ સફળ રહી. દરેક સમિતિ અને ટીમ દ્વારા વ્યવસ્થા ગોઠવણ થકી યાત્રા નિર્વિઘ્ને પાર પડી. ક્યાંય કોઈ તકલીફ નહીં, સૌના સહકારે યાત્રા સાર્થક અને સફળ રહી. આવી જ રીતે ગિરનાર તીર્થની યાત્રા પણ ગોઠવાય તેવું સુચન.

**- બોગી નં.૨ના યાત્રિક**

દાતા શ્રી રાયચંદભાઈ ઘરમશી (સુથરી)ની સૌજન્યશીલ ઉદાર ભાવનાએ હજારો યાત્રિકોને સુંદર યાત્રાનો લાભ મળ્યો. મહાજન પ્રમુખશ્રી નયનભાઈ ભેદા અને કાર્યકરોની ટીમે ભારે જહેમત લઈ યાત્રિકોની સુંદર સેવાભક્તિ કરી. યતિશ્રી મોતીસાગજીના આશિર્વાદ મળ્યા. કેડીઓ ટ્રેનની શોભા સારી અને બહુ ભારી હતી.

***-સૌ. શૈલાબેન નરેન્દ્ર લોડાયા, સૌ. પુષ્પાબેન લોડાયા અને શ્રી ગીરીશભાઈ ઘરમશી (બોગી ૨)***

અવર્ણનીય મહાયાત્રા દેવ-ગુરૂ પસાયે પુર્ણ થઈ. ગજું નથી પણ કહે જબાન, કેમ કરી ગાવા સંઘના ગુણગાન... તપસ્વીઓની પણ સુંદર ચોવિહાર-પારણાંની વ્યવસ્થા હતી. ત્રણે ટાઈમ સ્વામીભક્તિ માટે સેવા આપનાર કાર્યકરો ઉપરાંત સ્ટાફ-વેઈટરો-કેટરર્સ વગેરે બધાને ઝુકીને સલામ છે. ધર્મ આરાધનાામાં વિવિધ પૂજન અનુષ્ઠાન-ધર્મ મહિમા સમજાવનાર પં.શ્રી વિશાલભાઈ ઘરમશી અને નવકારજાપ કરાવનાર હર્ષ દેઢિયાની પણ અનુમોદના.

આવીજ રીતે સંપુર્ણ ભારત તીર્થદર્શન કરાવો તો સોનામાં સુગંધ ભળે એવી અભ્યર્થના

***- બોગી નં.૩ ના યાત્રિકો***

સમ્યક દેવ ગુરૂ-ધર્મના અસીમ ઉપકારી પુણ્યાત્માઓને વંદન પ્રયત્નોને સફળતાની ચાવી મળી. આ યાત્રા સફળ બનાવનાર દરેકને વંદન. મિચ્છામિદુક્કડમ્.

**ભાનુબેન-જયંતીભાઈ અને પરિવારજનો (બોગી નં.૪)**

યાત્રાનાં આયોજકો, દાતાઓ, કાર્યકરો અને યાત્રિકોને "જાત્રા-સુજાત્રા, સંઘની સુંદર-સુઘડ સુવ્યવસ્થા બદલ હૃદયથી આભાર અભિવ્યક્તિ.

**- બોગી નં.૪ ના યાત્રિકો**

તા.૨૭-૧૦-૧૧ના વાજતે ગાજતે શિખરજી મહાયાત્રા સંઘનું પ્રસ્થાન થયેલ. સમગ્ર યાત્રામાં જયણાપુર્વક સમાચારી પાલન, સુંદર વ્યવસ્થા, શાહી સરભરા હતી. ક્યાંય અગવડ નહીં, કોઈ કચાશ નહીં, આવોજ માહોલ જ્ઞાતિમાં ચોમેર પ્રસરી રહે એવી ભાવના. યાત્રા અવિસ્મરણીય રહી. "ગમ્યું, ફાવ્યું અને જામ્યું"નું સુત્ર ચરિતાર્થ થયું. કર્મચારીઓની સેવા અનુમોદનીય રહી.

**- બોગી નં.૫ના યાત્રિકો વતી**

**લતાબેન લ. વિકમશી અને હેમલતા અ. દંડ**

મહાજનશ્રી દ્વારા બેનમુન સુંદર યાત્રા વ્યવસ્થા. ૧૦ દિવસીય આયોજન ઉદાહરણીય રહ્યું. ખુબ આભાર.

**- બોગી નં.૬ના યાત્રિકો**

સર્વે દાતાઓ, કાર્યકરો, યાત્રિકોને અભિનંદન, સૌના સથવારે સમેતશિખર યાત્રા સફળ રહી. આ યાત્રા જીવનનું અમુલ્ય સંભારણું બન્યું. નાની શી વાતનો પણ ખ્યાલ રખાયો. જેની અનુમોદના દાતાઓના ઉદાર સહયોગે આ યાત્રા ખુબ રાહત દરે પણ રજવાડી બની રહી. અમારા યાત્રા પ્રવાસ માટે શ્રી ભરત જીવાણી આદિ કાર્યકરોની જહેમત માટે વિશેષ આભારી છીએ.

**બોગી નં.૭-૮-૯ના યાત્રિકો વતી**

**જૈનેન્દ્ર હીરાચંદ ખોના અને કુમાર ખીમજી મૈશેરી**

સમેતશિખર યાત્રા સંઘના સર્વે કાર્યકરો, દાતાઓના ઋણી છીએ જેમની કાર્યતત્પરતા અને ઉદાર ભાવના થકી યાત્રા સુખશાતારૂપ રહી. દરેક વ્યવસ્થા ખુબ સારી રીતે ગોઠવી હતી. દરેક ધર્મ આરાધના રૂડી રીતે થઈ તે બદલ આભારી છીએ.

**બોગી નં.૯ના યાત્રિકો વતી**

**શ્રી ટોકરશી પદમશી નાગડા,હંસા પીર,ઉષા નાગડા**

આ યાત્રા સોનામાં સુગંધ ભળી. તેમજ સર્વથા સફળ અને સાર્થક રહી. દર વખતે આવી રીતે આયોજન થાય અને જ્ઞાતિજનોને રાહતદરે વ્યવસ્થા કરી યાત્રા માર્ગદર્શન અપાય તો તે એક અનેરું પુણ્ય હશે. સર્વે સાંયરાવાસીઓ આ આયોજનને અંતઃકરણથી વધાવે છે અને અનુમોદના કરે છે. સાંયરાવાસીઓ સૌના આભારી છે.

**બોગી નં.૧૧-૧૨ના યાત્રિકો**

આ યાત્રા મહાજનની હતી એટલે મા જેવું જતન હતું. સૌ કાર્યકરોની સેવાભાવના અજોડ હતી. ઘર જેવી સરભરા સુવિધા હતી. દરેક વ્યવસ્થા કાબીલેદાદ-લાજવાબ હતી. ૧૨૦૦ જણાંની સગવડ સાચવવી તે કઠિન હતું છતાં સુંદરરીતે દરેક કાર્ય પાર પડયું, વ્ય. સમિતિના આભારી છીએ. દાતાઓની ભાવના સફળ રહી. આવી સુંદર યાત્રા માટે અમે સૌને પ્રણામ કરીએ છીએ. કેટરીંગ સ્ટાફના આભારી છીએ. સૌને મિચ્છામિદુક્કમ્. અમને સેવાકાર્યની તક આપી તે બદલ સૌના આભારી છીએ.

**બોગી નં.૧૩-૧૪ના યાત્રિકો વતી તે.કુ.લાંઘુ સંઘ**

બહારગામનાં જ્ઞાતિજનોને પણ મહાજનની યાત્રાનો લાભ મળ્યો તે સ્પે.ટ્રેનયાત્રાની વ્યવસ્થા ખુબ પ્રશંસનીય હતી. દરેક સ્થળે સેવાપુજાના લાભ મળ્યા. કાર્યકરોની ખડેપગે સેવા માટે ઝુકી જવાય. સૌ સભ્યોને અભિનંદન.

**નવીનચંદ મેઘજી નાગડા (ખંડવા)**

મહાજન આયોજીત આ મહાયાત્રા કાર્યમાં સૌનો સહકાર અણમોલ હતો. મહાજનશ્રીએ અમને સેવાફરજ બજાવવાની તક આપી તે બદલ આભાર.

**શ્રી અનંત મિત્ર મંડળ-ભાંડુપ**

દરેક ઠેકાણે નવકારશી, ભોજન, નાસ્તા, ચોવિહાર-ચાપાણીની વ્યવસ્થા ખુબ સુંદર રહી. પ્રવાસ દરમ્યાન વિવિધ સ્ટેશનોએ સંઘો તરફથી આવકાર-સ્વાગત થયેલ. વિવિધ સમિતિઓએ સુંદર ફરજ બજાવી. મહાજનની ટીમ અને ખાસ કરી **શ્રી ચેતનભાઈ મોતા** અને તેમની ટીમે વિશેષ જહેમત લઈ યાત્રાની સફળતા માટે અનુમોદનીય કાર્યભાર સંભાળ્યું.


**THE MARVELLOUS MARBLES**

Krishna Mills Compound,
Opp. Spice Lane Restaurant / D'mart,
Link Road, Mulund (W), Mumbai-400080.
Fax : +91 22 2566 4472
Email : tmmarble1@gmail.com
themarvellousmarbles@gmail.com
**સંપર્ક : નલિન ડાઘા - 09769111040**




**ફળાદેશ-પ્રશ્નકુંડલી-જોડામેળ, ગૃહશાંતિ સચોટ માર્ગદર્શન માટે સંપર્ક સાધો.**

**જ્યોતિષાચાર્ય-શ્રીમતી કમલ સંપટ**
**સંપર્ક : મો. 093230 20137**


## પ્રથમ પુણ્યતિથિએ સ્મરણાંજલિ

જન્મ
૩-૪-૧૯૪૯



અરિહંતશરણ
૭-૪-૨૦૧૧

**સ્વ. લક્ષ્મીચંદ ખીમજી ખોના (પટેલ)**
**(સુથરી-કચ્છ)**

**"ગેરહાજર છો છતાં ઘેર હાજર છો"**

જીવન સુંદર જીવ્યા રાખી તમારી ટેક,
હસતો રાખ્યો ચહેરો સદાય રાખી જીવનમાં નેક
લાગણીસભર હૃદય તમારું, ધબકતું અટકી ગયું,
અમને સૌને નોંધારા કરી અરિહંતમાર્ગે પ્રસ્થાન તમે કર્યું
પ્રભુ સમીપે સ્થાન રહો એવી મનની "મનીષા" સરસ,
આંખના પલકારની જેમ વીતી ગયું દુ:ખદ વરસ.

**✻ શોકાતુર ✻**

ધર્મપત્ની : **સરલા લક્ષ્મીચંદ ખોના** ● પુત્રી : **ભાવના**
પુત્રી : **મનીષા હરીશ મોમાયા** (સાંયરા-ડોંબીવલી)
ભૂલકાં : ચિ. રાહુલ, ચિ. મિત્તલ, ચિ. દિયા
માતા-પિતા: **સ્વ.રતનબાઈ ખીમજી હંસરાજ ખોના પરિવાર**(સુથરી)
સાસુ-સસરા: **સ્વ.કસ્તુરીબાઈ માડણ નરપાર મૈશેરી પરિવાર**(મોટીસિંધોડી)
વેવાઈ : **સ્વ. રતનબાઈ ખીમજી કુંવરજી મોમાયા**(સાંયરા)

## પાંચમી પુણ્યતીથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ

જન્મ
૧૪-૦૨-૧૯૩૨



મરણ
૦૭-૦૪-૨૦૦૭

**સ્વ. લક્ષ્મીબેન ખેતશી મોતા (બાયઠ)**

***મા તમારું જીવન હતું કેવું?***
***શબ્દોમાં ન સમાય એવું, કાવ્યમાં ન કંડારાય એવું,***
***લેખોમાં ન લખી શકાય એવું,***
***અગણિત અનુભવે સમજાય એવું,***
***તમે હતા અમારા ગૌરવગાથા, તમે જ હતા***
***અમારા ભાગ્યવિધાતા,***
***ભવોભવમાં બસ માંગીએ, મળો હંમેશા તમેજ માતા.***

~ આપના વિનીત ~

ભાઈઓ : **શ્રી મોતીચંદ માણેકજી બોરીચા**
**શ્રી ઝવેરચંદ માણેકજી બોરીચા**
દિકરી-જમાઈ : **સૌ. સૂર્યા જગદીશચંદ નાગડા**
**જગદીશચંદ્ર ભાનુચંદ નાગડા** (જખૌ-વાલકેશ્વર)
દોહિત્ર : **હેરલ** • દોહિત્રી : **નેહલ**
**સંપર્ક : M. 9322891852**

# ઝૂકી તો જ્વાયને ?

### જ્યાં ભાવના છે ત્યાં ઉંમરબાધ નથી

અમો બન્નેને મુંબઈ જવાનું થયું (તા.૧૬-૩થી ૨૫-૩-૧૨) અમારી ભાણેજ ડો. વાસંતી ખોનાની નાદુરસ્ત તબીયતની ખબર અંતર તા.૧૯-૩ના (માટુંગા રોડ) પુછી, વિચાર આવ્યો કે ચલ રે મનવા, જ્ઞાતિના પ્રથમ કૃષિસ્નાતક B.Sc. Ag. Hons)ને મળવા. મુલુન્ડ (વે.) જવું પડે, સરનામું ડાયરીમાં જ હતું. ફરીથી મનમાં વિચાર આવ્યો કે ઘાટકોપર અનંતછાયામાં રહેતા ભાઈ શ્રી નરેન્દ્ર મોતાના ઘરે થઈ તેઓને સાથે લઈ, કૃષિ સ્નાતકના ઘરે જવું. અનંતછાયા પહોંચ્યા. નરેન્દ્રભાઈને વાત કરી કે, મને જ્ઞાતિના કૃષિ સ્નાતક શ્રી કરમશીભાઈ કે. ઘુલ્લાને મુલુન્ડ મળવા જવું છે. આપ સહભાગી થશો? તેમણે તરત ફોન જોડયો. ફોનથી ખબર પડી કે વડિલ શ્રી કરમશીભાઈ મુલુન્ડ નહીં પણ ઘાટકોપર મધ્યે જ છે. નરેન્દ્રભાઈએ હકીકત તેઓશ્રીને જણાવી કે આપને એક કૃષિ સ્નાનક મળવા માંગે છે આણંદથી આવ્યા છે. ભલે આવે! નરેન્દ્રભાઈએ મને જણાવ્યું કે તેઓ (શ્રી કરમશીભાઈ) મારી નજીકની બિલ્ડીંગમાં પાંચમે માળે રહે છે જ્યાં લીફ્ટ નથી.

મેં જણાવ્યું પાંચ દાદરા ને વળી મારી નાદુરસ્ત તબીયત, શક્ય ન હતું. નરેન્દ્રભાઈએ ફરીથી કરમશીભાઈને એ હકીકત જણાવતાં ખુદ વડિલશ્રીએ જાતે બરોબર ૧૦.૩૦ કલાકે હું અનંતછાયા આવી જઈશ એમ કહ્યું.

બરોબર સવારના ૧૦.૩૦ના ટકોરે બારણે ઘંટડીનો રણકાર થતા દરવાજો ખુલતાં પોતે શ્રી કરમશીભાઈ હાજર. મેં પાયવંદન કર્યા, હસ્ત મળાવ્યા, મળવાનો અનેરો આનંદ માણ્યો.

તેઓશ્રીએ ગુજરાતની કૃષિની માહિતી પૂછી, ત્યારબાદ પોતે ૧૯૫૧-૫૨માં આણંદની કૃષિ કોલેજમાં એક વર્ષ માટે અભ્યાસ કરેલ તેનો અહેવાલ. વિકાસ-પ્રગતિ વિગતે પૂછી માહિતી મળતાં તેઓ આનંદિત થઈ ગયા. તે વખતના શિક્ષકોને પણ યાદ કરી મુખ્યત્વે ડૉ. મગનભાઈ ડી. પટેલને કે જેનો કેમ્પસના વડા હતા. લગભગ ૩૦ થી ૩૫ મીનીટ અલ્પાહાર સાથે ચર્ચા ચાલી. બન્ને કૃષિકારોને એક બીજાને મલ્યાનો બેહદ આનંદ થયો. મેં આણંદ આવવા આમંત્રણ આપ્યું, અચૂક એક વખત તમારી સંસ્થાને જોઈ જવા વિનંતી કરી. છૂટા પડતાં પડતા મારી આંખો ઝૂકી ગઈ કે હે! કૃષિકાર, તારીતો ઉંમર હજુ ૬૮ની છે. જ્યારે તું જેને મળવા આતુર હતો તેતો ૮૦ વર્ષની ઉંમરે પણ પાંચ દાદરા ચડ-ઉતર કરી અને અનંતછાયાના ચાર ચડઉતર કર્યા ને તને હોંશભેર મળવા આવ્યા. તું જ કહે મનવા તું વૃધ્ધ કે વડીલશ્રી આ જેફઉંમરે તને મળવા આવ્યા.. શરમથી માથું ઝૂકી ગયું! નતમસ્તકે બોલાઈ ગયું કરમશીભાઈ, મને ક્ષમા કરશો મારી ખાતર તમોને મુંબઈના માળાના દાદરા ચડ-ઉતર કરાવ્યા. સામેથી કરમશીભાઈએ પ્રત્યુતર વાળ્યો ઠાકરશી ભાઈ આતો રોજનું થયું ! ટેવાઈ ગયા છીએ, છૂટકો નથી ખરેખર ધન્ય છે જ્ઞાતિના પ્રથમ કૃષિસ્નાતકને કે તેમણે ૮૦ વર્ષની ઉંમરે પણ એક નાના ભાઈને મળવા લેશમાત્ર પણ સંકોચ કે ક્ષોભ ન કર્યો. ખરેખર એમની આ ઉંમરે ઉત્સાહ ભાવના આગળ "ઝૂકી તો જવા ય ને?

***આણંદ તા.૨૯-૩-૧૨ - ડૉ. ઠાકરશી જી. મૈશેરી***

### સેવાભાવના અને અનુભવનો લાભ

અમારા નૂતન જિનાલયના શીલાન્યાસ બાદ તુરંતજ શ્રી સોમપુરાજી સાથે વાટાઘાટ કર્યા બાદ મકરાણા આરસપાણ (મારબલ) લેવા જવાનું નક્કી થયું. આ માટે અચલગચ્છ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ મહાજનની કાર્યવાહક કમીટીના સભ્યો મળી આઠ જણા મકરાણા જવાનું નક્કી થયું. આ કાર્ય માટે મકરાણાના જાણકાર તેમજ દેરાસરજીના બાંધકામના ખૂબ અનુભવી અચલગચ્છ સંઘ ડોંબીવલીના તત્કાલીન પ્રમુખ **શ્રી કુલીનકાંતભાઈ**એ પદમશી પીર (ડોંબીવલી)નો કોઈમ્બતુર મહાજનના માજી પ્રમુખ શ્રી કાંતિલાલ ગાંગજી વોરાએ તેમનો સંપર્ક કરી તા.૧૫ થી ૧૮ માર્ચના જવાનું નક્કી થયું. પોતાના વ્યસ્ત જીવન તેમજ તેમની વર્ષીતપની આરાધના ચાલુ હોવા છતાં શ્રી કુલીનભાઈએ અમારી સાથે મકરાણા આવી બે દિવસ સખત તડકામાં ફરી અમારા જિનાલય માટે સારામાં સારી ક્વૉલિટીનો આરસપાણ ખૂબજ વ્યાજબી ભાવે મેળવી આપેલ. બીજા એવા કાર્યકર **શ્રી હેમંત ગોવિંદજી લોડાયા (અજાણી)** જેઓ નાની વયે શ્રી કોઠારા તીર્થનું ટ્રસ્ટીપદ સંભાળી રહ્યા છે. જેમના માર્ગદર્શનમાં હાલ શ્રી કોઠારા તીર્થનો જીર્ણોધ્ધાર કામ ચાલી રહ્યું છે. તેઓ પણ મુંબઈથી સતત અમારી સાથે ફોનથી સંપર્કમાં રહી માર્ગદર્શન આપી રહ્યા હતા. તેમની પણ દેરાસર માટેની સુઝબુઝ તેમજ યુવાવયે તેમનો અનુભવ પણ અમને ખૂબજ સહાયક બનેલ. આ બન્ને જ્ઞાતિના વિરલાઓ થકી સંઘ માટે મારબલ લેવાનું કાર્ય ખુબજ સરળ બનેલ. આ સહયોગ માટે અમારો સંઘ શ્રી કુલીનભાઈ પીર તેમજ શ્રી હેમંતભાઈ અજાણીનો ખૂબ આભાર વ્યક્ત કરે છે. તેમજ બન્ને શાસનની સેવા અને જ્ઞાતિનાં ઉત્કૃષ્ટ કાર્ય કરતા રહે એવી સંઘ તરફથી હાર્દિક શુભેચ્છા.

**-શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, કોઈમ્બતુર**

## કાવ્ય-પ્રકાશ : જાના

પ્રેમનગર જરૂર જાના
રાહી, પ્રેમનગર જરૂર જાના

મન ઘબરાયે, કદમ ડગમગાયે
ઘના અંધેરા, પથ ના સુઝે
પલ પલ ઠોકર ખાના
પ્રેમનગર જરૂર જાના

ના કામ આવે પંડિત
ગર્વ હોગા ખંડિત
મુશ્કિલ સે કોઈ જાના
ભગ્ન હોય સબ મંડિત
ભડ ભડ અહં જલાના
પ્રેમનગર જરૂર જાના

જા પહુંચ્યો મધુરસ દીઠો
ઘૂંટ ઘૂંટ ભર પીધો
રહે ન કોઈ મુકામ આગે
જીવન બહે અબ મીઠો
ગીત મધુર એક ગાના
પ્રેમનગર જરૂર જાના
રાહી, પ્રેમનગર જરૂર જાના

*- માણેકજી લોડાયા (પુના)*

**ત્રણ હાઈકુ**

કીંગફીશર
ખુજે ઘણા અરસે
વસંત જાગે
...
કીંગફીશર
ટોડલે બેસી રવે
ગીતાના અંશો
...
સૂરજ ખેલે
ધરતી સંગ હોળી
નભે ગુલાલ

*- માણેકજી લોડાયા (પુના)*


**લગ્નસંબંધી**

ગુજરાત સ્થિત, પનપારિયા જન્મ ૧૪-૦૬-૮૫, ઊં. ૫'-૩" B.A. જોબ કરતી કન્યા માટે ભણેલા વેલસેટલ યુવકના વડીલો કુંડળી અને ફોટા સાથે સંપર્ક કરે. ફોન : 09377134279


## બોધ કથા : એકતાનું મંદિર

બે ભાઈ. પિતાનું અવસાન થયું. પિતા બન્નેને સરખે સરખું વહેંચીને આપી ગયા. મોટા ભાઈ એકલાજ હતા સંસાર ન હતો, બીજી કોઈ ચિંતા ન હતી. નાનો ભાઈ પરણી ગયો હતો. તેને પત્ની તથા ત્રણ બાળકો હતા.

બંને ભાઈ પોત-પોતાના ખેતરમાં ખંતથી કામ કરતાં અનાજ બન્ને લગભગ સરખુંજ ઉત્પન્ન કરતાં, રાત પડી, મોટાભાઈને ઉંઘ આવતી ન હતી. તેઓ વિચારતા હતા કે મારા નાન ભાઈનાં માથે મોટી જવાબદારી છે પાંચ માથાનો બોજ છે મારે આટલા બધાં અનાજને શું કરવું છે? મધરાતે તેણે અનાજના ઘણાં બધા પૂળા એકઠા કર્યા માથે ઉપાડી ચૂપચાપ એ પૂળા તેમણે નાના ભાઈના પૂળામાં ગોઠવી દીધા.

આ બાજુ નાનાને એવીજ ચિંતા થઈ. તેને થયું, મોટાભાઈ એકલાજ છે, તેમને આજનું અને કાલનુંય વિચારવાનુ રહ્યું. મારી પાછળ તો મારા દીકરાઓ કમાશે, મદદ કરશે જવાબદારી ઉપાડી લેશે મારા મોટાભાઈનું વળી કોણ છે? તેમની પાસે જેટલું વધારે હોય તેટલુ સારુ નાનાએ પોતાના ગંજમાંથી ઘણાં બધાં પૂળા ઉપાડ્યા, કોઈને ખબર ન પડે તેમ તેણે મોટા ભાઈના ગંજમાં ગોઠવી દીધા. રાતના પાછું તેમ જ થયું. ત્રીજી રાતના પણ સરખે સરખું. નાનો ભાઈ કહે "મોટાભાઈ, મને તમારા ભવિષ્યની ચિંતા છે એટલે હું તમને વધારે ભાગ આપું છું" મોટાભાઈ કહે "મને તારા વર્તમાનની ચિંતા છે, હું એકલો અને તમે પાંચ, તમને પાંચગણું મળવું જ જોઈએ મારા ભાઈ!

જ્યારે આવું વહાલ લાંબું ચાલ્યું, ત્યારે નાનો ભાઈ કહે "મોટા ભાઈ એના કરતાં તમે મારે ઘરેજ રહેવા આવી જાવને તમારી ખાવા પીવાની પીડા ટળશે. તમારી દેખરેખ અમે રાખીશું અને તમે અમારા બાળકો સાથે હસજો, રમજો, મઝા કરજો. તમારો ખ્યાલ અમે નહિ રાખીએ તો બીજા કોણ રાખશે?" એમજ થયું ભેગેભેગા અને જુદે જુદા બંને ઘર એક થઈ ગયા. જેને જ્યાં ફરવું હોય ત્યાં ફરે રમવું હોય ત્યાં રમે, સુંવુ હોય ત્યાં સુવે મજા કરે. કદી કોઈ તકરાર થઈ નહિ ફરિયાદ તો ઉભી થઈ જ નહિ!

બંનેને લાગ્યું કે બાપા નકામો ભાગ વહેંચી ગયા. બાપા એક તો બેટા નેક. એમાં વળી ભાગ વહેંચવાની શી જરૂર? રાજા સોલોમન એકતાનું એક મંદિર બનાવવા માગતા હતા. તેમને જ્યારે આ કથાની ખબર પડી ત્યારે એ અલૌકિક મંદિર તેમણે અહીંજ બનાવ્યું. એ મંદિરનું નામ આપ્યુ : **એકતાનું મંદિર.**

*- સંકલન મહેન્દ્ર દામજી છેડા, અમદાવાદ*

# શ્રી ક.દ.ઓ. જૈન રાપરગઢવાળી - નાની સિંધોડી મિત્ર મંડળ

## C/o. Mota Trading Pvt. Ltd.

20-Kapadia Chambers, 51-Devji Ratanshi Marg, Mumbai - 400 009.
Tel.: 66331632 Fax : 66370057 • E-mail : kdoraparvas@gmail.com

## માહિતીપત્રક

નીચે આપેલા નમુના મુજબ જ માહિતીપત્રક ભરવું જરૂરી (**Complusory**) છે.

મુખ્ય વ્યક્તિનું નામ ____________________ રૂમ નં. ____________ વીંગ __________

પિતા / પતિનું નામ ____________________ બીલ્ડીંગનું નામ ____________________

અટક ____________________ વિસ્તાર / નગર ____________________

વતનમાં મૂળગામ ____________________ રોડનું નામ ____________________

અભ્યાસ ____________________ શહેરનું નામ ____________________

જન્મ તારીખ ____________________ પીન કોડ નંબર ____________________

ફોન : (ઘર) ____________________ ઓફીસ ____________________

મોબાઈલ ____________________ ફેક્સ ____________________

ઈ-મેઈલ ____________________

માનનિય ગામવાસીઓ જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે મિત્ર મંડળ ટેલિફોન ડિરેક્ટરી બનાવવાની તૈયારી કરી રહ્યું છે જેથી ઉપર આપેલ માહિતી પત્રક ભરીને મોકલશોજી.

॥ શ્રી આદેશ્વરાય નમઃ ॥

**Shri Kutchhi Dasha Oswal Jain Gnati Mahajan, Mumbai**

KDO

# eduspark

let us light, the light within

Presents...

Only Rs. 100/- Special Discount for KDOs

## APTITUDE TEST

**Eligibility : Students from Std. 9th to 12th & Higher Education**

*Date : 22nd April, 2012, Sunday*

*Time 08.30 am to 1.00 pm. (Followed by Lunch)*

**Venue :**
**SMPR School,**
V. P. Road,
Mulund (W),
Mumbai-80.

***What next after Xth, XIIth & Graduation ?***
***Give an aptitude test and***
***know your career options***
***after Xth, XIIth & Graduation.***


**Last Date of Form Submission : 16-4-2012, Monday**
*(Registration is compulsory)*

**Education Committee Convener : Hemang Dharamshi, Paulomi Dharamshi - 9821335888**

For Details Contact : Jatin Dharamshi - 9819844651, Kavita Dharamshi - 9870202227, Dipti Dharamshi - 8108032101

Forms to be submitted only at Mahajans Office, Masjid Bunder


## ત્રીજી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



**સ્વ. ઠાકરશી લાલજી પટેલ** (સાંધવ-મુલુન્ડ) પ્રભુ સમીપે : તા.૧૦-૪-૨૦૦૯

*કુટુંબ-પરિવાર માટે* તો આપ હતા સદાય સ્નેહના સાગર,
સમાજ સેવાના ક્ષેત્રમાં પણ કર્યા સંસ્કારોને ઉજાગર,
બન્યા અનેકના મદદગાર અને સંસ્થાઓના શણગાર,
પરિવારના દિપક અને સાંધવના ચિરાગ તરીકે રહેશો યાદગાર.
સ્મૃતિ પર છે આપના કર્મયોગના સંભારણાં.
પરિવારમાં વહે છે આપના આદર્શોના અમીઝરણાં
સત્ય, સંસ્કાર, સેવાનો અણમોલ વારસો રચી ગયા.
પગલે પગલે સદ્‌ગુણોના દીપ જલે એવો અજોડ પ્રેરણાપંથ રચી ગયા,
આપના દિવ્ય આત્માને હૃદયાંજલિ..
આપનાં સ્મરણમાં..

ધર્મપત્ની : **ગં.સ્વ. વિમલાબેન ઠાકરશી પટેલ**
પુત્રતુલ્ય ભાઈ-પુત્રવધુ : **સૌ. વિજયા ગોવિંદજી પટેલ**
પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. પ્રિયા વિપુલ ઠાકરશી પટેલ ● અ.સૌ. ભાવના રાજેશ પટેલ**
પુત્રી-જમાઈ : **અ.સૌ. ભાવના ચંદ્રેશ સોની ● અ.સૌ. ધારીણી ક્રિંકેશ મૈશેરી**
પૌત્ર-પૌત્રી : **નેવિલ, સ્મીત, પલક, પ્રિયાંશી** ● દોહીત્રી : **કૃપા, ઈશીતા, વૃષ્ટી**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

RIGHT MATCH
Pairs forever

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO
દશાઓની નવી દિશા

ના ઉપક્રમે

**પંચવર્ષીય કાર્યક્રમના સહયોગી દાતાઓના સહયોગથી**

## સગપણ સેતુ

**જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓનો મેળાવડો રવિવાર, ૧૦ જુન, ૨૦૧૨ ના રોજ**

**નોખી ગોઠવણ | નવતર આયોજન | આકર્ષક વ્યવસ્થા સાથે !**

ગ્રુપ A : ૨૦વર્ષ થી ૨૯ વર્ષ ગ્રેજયુએટ / પોસ્ટ ગ્રેજયુએટ
ગ્રુપ B : ૩૦વર્ષ તેથી વધુ ગ્રેજયુએટ / પોસ્ટ ગ્રેજયુએટ
ગ્રુપ C : ૨૦વર્ષ થી ૨૯ વર્ષ અંડર ગ્રેજયુએટ
ગ્રુપ D : ૩૦વર્ષ તેથી વધુ અંડર ગ્રેજયુએટ.

ઈચ્છુકોએ મહાજનશ્રીના કાર્યાલયે તા. ૨૦/૫/૧૧ સુધી રૂા. ૨૦૦/- ભરી ફોર્મ ભરી જવા વિનંતી.

(સહભાગી થનારા ઈચ્છુકએ કાર્યક્રમમાં હાજર રહેવુ ફરજીયાત છે.)

આવો, નિશ્ચિંત થઈ નિરાંતે સહભાગી થવા સગપણ સંમેલનમાં અને
જીંદગીની નવી દિશા કંડારો... **દશાઓની નવી દિશા સંગે!**

**સ્થળ : ટીપ ટોપ પ્લાઝા, એલ. બી. એસ. રોડ, થાણા (વે)**

**સમય : બપોરે ૨.૩૦ થી ૮.૩૦ ● ડીનર : રાત્રે ૮.૩૦ થી ૯.૩૦**

વધુ વિગત માટે સંપર્ક : સગપણ સમિતિ કન્વીનર – અ.સૌ. ચાંદની પરેશ લાલકા – ૦૯૮૩૩૨૨૫૦૫૩

સમિતિ મેમ્બરો : મધુરીબેન મુલચંદ લોડાયા, કવિતા કલ્પેશ ધરમશી, નીશા હરીશ શિયાલ, ગોવિંદજી લાલજી પટેલ, કીરીટ કુંવરજી ફુરિયા

*બે હૃદયને એક કરવા ચાર ફેરા થાય છે, ને પછી સંબંધની નવી દુનિયા સર્જાય છે.*

---

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO
દશાઓની નવી દિશા

ના ઉપક્રમે

## તામિલનાડુ - કેરલા યાત્રા પ્રવાસ

**શુભ પ્રસ્થાન :**
તા. ૧૬-૧૧-૨૦૧૨, શુક્રવાર
સવારે ૧૧.૪૦ કલાકે કુર્લાથી (T)

**દિવસ ૧૦**

**શુભ આગમન**
તા. ૨૫-૧૧-૨૦૧૨, રવિવાર,
સવારે ૪.૫૦ કલાકે પરત

**(ફક્ત ૨૦૦ જ્ઞાતિજનોને લઈ જવાશે)**

**સ્થળો** : કલીકટ, વ્યનાડ, કોચીન, અલપ્પઈ, કોઈમ્બતુર, ઉટી

વિશેષ આકર્ષણ : યાત્રા પ્રવાસમાં દરેક સ્થળે આપણા જ્ઞાતિજનો સાથે 'જ્ઞાતિ મેળાવડા' નું ખાસ આયોજન.

નોંધ : વહેલો તે પહેલાના ધોરણે નામ નોંધાવવા રૂા. ૩૦૦૦/-(નોન રીફંડેબલ) મહાજનના કાર્યલયમાં તા. ૧૪-૬-૧૨ સુધી ભરી જવા વિનંતી

યાત્રા દર : પ્રતિ વ્યક્તિ રૂા. ૯,૫૦૦/- (૫ વર્ષથી ઉપરના) દર પ્રતિ વ્યક્તિ રૂા. ૧૫૦૦/- (૫ વર્ષથી નીચેના-વગર સીટના)

**કચ્છ ચૈત્ય પરીપાટી** : પર્યુષણ પર્વ બાદ પ. પૂ. અચલગચ્છાધિપતિના જન્મ દિન નિમીતે

**પ્રસ્થાનઃ તા. ૨૮-૯-૧૨, શુક્રવાર, આગમન : તા. ૧-૧૦-૧૨, સોમવાર (દિવસ ૩)**

વ્યકિત દીઠ રૂા. ૫૦૦/- (નોન રીફન્ડેબલ) તા. ૨૬-૫-૧૨ સુધી ભરી મહાજનના કાર્યલયમાં નામ નોંધાવવા વિનંતી.

**વધુ માહિતિ માટે સંપર્ક : યાત્રા કન્વીનર – શ્રી કુમાર બાબુભાઈ દંડ – ૦૯૩૨૨૬ ૮૦૦૦૮**

**મેમ્બર** : મધુરીબેન મુલચંદ લોડાયા, પ્રફુલ ચીમનલાલ મોતા, કમલેશ શીવજી શિયાલ,
કીરીટ ઉમરશી છેડા ગુલાબ ડુંગરશી ધરમશી.

॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામિને નમઃ ॥

# શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસ્

કાર્યાલયઃC/o.શ્રી નયન લહેરચંદ મેપાણી, મે. ક્રિસ્ટલ કોલોડસ્ પ્રા. લિ. ૯ અનુપમ ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ નં.૧, ઓફ પી.કે. રોડ, ટેનજન્ટ શૉ રૂમની સામે, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦. ફોનઃ ૦૯૮૨૧૧૬૩૨૪૧

તા.૦૧-૪-૨૦૧૨

**શ્રી પરજાઉ ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો, જય જિનેન્દ્ર,**

## આભાર

તા.૨૬ જાન્યુઆરી૧૨ના મુલુન્ડ ખાતે યોજાયેલ સ્નેહમિલનમા ઉત્સાહપૂર્વક તન,મન, અને ધનથી ભાગ લેવા બદલ શ્રી ટ્રસ્ટબોર્ડ આપનું આભારી છે. વાર્ષિક નકરાઓમાં આપે સ્વેચ્છાએ સાથ સહકાર આપ્યો તે બદલ અમે આપના ઋણી છીએ.

## શ્રી ચંદ્રપ્રભુ જિનાલયની વર્ષગાંઠ (ધ્વજા મહોત્સવ)

આપણાં પરજાઉના શ્રી ચંદ્રપ્રભુસ્વામી જિનાલયની આગામી વર્ષગાંઠ (ધજા મહોત્સવ) વૈશાખ સુદ ૧૧, સવંત ૨૦૬૮, **તા.૦૨-૦૫-૨૦૧૨** અને બુધવારના આવે છે. આ દિવસે સ્થાનિકે સવારે શ્રી અઢાર અભિષેક અને સતરભેદી પૂજાનું આયોજન કરેલ છે. આ પ્રસંગે પરજાઉના સર્વ જ્ઞાતિજનોને તેમજ નિયાણી બહેનોને સહકુટુંબ પરજાઉ નગરે પધારવા ભાવભર્યું આમંત્રણ આપીએ છીએ.

## શ્રી પર્વાધિરાજ પર્યુષણ પર્વ

પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ શ્રી પર્વાધિરાજ પર્યુષણ પર્વ પરજાઉ નગરે ઉજવવામાં આવશે. સ્થાનિકે સંપૂર્ણ વ્યવસ્થા શ્રી ટ્રસ્ટબોર્ડ દ્વારા કરવામાં આવે છે. આ પ્રસંગે સમસ્ત પરજાઉના જ્ઞાતિજનોને તેમજ નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા આગ્રહ અને ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**પર્યુષણ પર્વ પ્રારંભ : શ્રાવણ વદ ૧૩, મંગળવાર તા.૧૮-૮-૨૦૧૨**

**પર્યુષણ પર્વ પૂર્ણાહુતિ : ભાદરવા સુદ ૬, બુધવાર તા.૨૨-૮-૨૦૧૨**

તા.ક. : રેલ્વેના નવા નિયમ મુખ્ય આરક્ષણ ૧૨૦ દિવસ (૪ મહિના) અગાઉ શરૂ થતું હોવાથી આપની ટિકિટોનું બુકીંગ કરાવી લેવા વિનંતી. વધુ માહિતી માટે **શ્રી લહેરચંદભાઈ દંડ**ની સંપર્ક કરવો.

## શ્રી અતિથીગૃહ સમારકામ અને નૂતન ઉપાશ્રય નિર્માણ

ગત સામાન્ય સભામાં નિર્ધારિત થયા મુજબ સ્થાનિકે શ્રી અતિથિગૃહના પાણી આયોજન સંબંધી સમારકામ પૂર્ણ થઈ ગયેલ છે. અન્ય અમારકામ તા.૨ મે પછી કરવામાં આવશે. સ્થાનિકે ભોજનશાળાની વ્યવસ્થા ચાલુ છે. અગાઉ જાણ કરવાથી સંપૂર્ણ વ્યવસ્થા કરી શકાશે. નૂતન ઉપાશ્રય સંબંધી આયોજન ચાલુ છે.

## શ્રી પરજાઉ ખાતે પુજારી અને ભોજનશાળા માટે દંપતિની જરૂરિયાત

સ્થાનિકે પૂજાનું કામ વિધિવિધાનપૂર્વક કરી શકે તેવા ભાઈની તેમજ ભોજનશાળાનું કામ સંભાળી શકે તેવા બહેનની તાત્કાલિત જરૂરિયાત છે. સ્થાનિકે સ્થાયી થવા ઇચ્છતા દંપતિને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. ક.દ.ઓ. જ્ઞાતિજનને સંપૂર્ણ સગવડ તેમજ વેતનમાં અગ્રતા ક્રમ આપવામાં આવશે. ઇચ્છુકોએ સ્થાનિકે અથવા શ્રી ટ્રસ્ટીઓનો સંપર્ક કરવો.

## શ્રી કાયમી સ્વામીવાત્સલ્યો સંબંધી અંતિમ નિર્ણય

સ્થાનિકે કાયમી સ્વામીવાત્સલ્યો સંબંધી અંતિમ નિર્ણય છેલ્લી બે વાર્ષિક સામાન્ય સભાઓમાં લેવામાં આવ્યો છે. જેનો સવંત ૨૦૬૯થી અમલ કરવામાં આવશે. આ સંબંધી દાતાઓના પરિવારજનોએ શ્રી ટ્રસ્ટીઓને સંપર્ક સાધવો. નિર્ણયની સંપૂર્ણ માહિતી આપવામાં આવશે.

ફરી એકવાર આપના સાથ સહકાર બદલ અમે આપના ઋણી છીએ. પરજાઉ નગરે સર્વ પ્રસંગોએ પધારવા ગામવાસીઓને તેમજ નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ. શ્રી ટ્રસ્ટબોર્ડની કાર્યવાહી કે આયોજન સંબંધી વિના સંકોચે શ્રી ટ્રસ્ટબોર્ડનો સંપર્ક સાધવા વિનંતી.

લિ.

**શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસ્‌ના ટ્રસ્ટીઓ વતી શ્રી ગુલાબભાઈ ધનજી દંડના જયજિનેન્દ્ર !**




## ગિરિવર દર્શન વિરલા પાવે

શ્રી શત્રુંજય મહાતીર્થની નવટુંકમાં શ્રી અજિત-શાંતિ ભગવાનની પુનઃપ્રતિષ્ઠાનો ઐતિહાસિક અવસર માણી અંતર ઠર્યું.

આ લાભ પૈકી એક શ્રી માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપર ગઢવારી) હતા.. જેમણે સમસ્ત જૈન સંઘોને નિમંત્રણ આપેલ અને પુણ્યશાળીઓએ લાભ લીધેલ.. જ્ઞાતિમાં એક નવો ઈતિહાસ લખાયો.. લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી એક યાદગાર અને શાસન શણગાર રચ્યું. સદીઓને અજવાળતો પ્રતિષ્ઠાનો મહામંગલકારી પ્રસંગ ઉજવાયો.. અમને તો શ્રી શાંતિનાથદાદાની બાજુમાં વિધી વિધાન મંત્રોચ્ચારથી પ્રભુજીના અઠાર અભિષેકનો લાભ મલ્યો તે બદલ અમો ઋણી છીએ. આપ જિનશાસનના સુકૃતના આવા મહાનકાર્યોમાં હંમેશા આગળ રહી શાસન અને જ્ઞાતિની શાન વધારતા રહેશો. અમારી અંતરના ભાવથી ભૂરી ભૂરી અનુમોદના.

***ડોંબીવલી ૫-૩-૧૨ સૌ. મીના અને સોમચંદ વશનજી નાગડા***

## આપણી ધર્મશાળાઓ-આપણું ગૌરવ

હાલમાં પાલીતાણાં મધ્યે શેઠ નરશી નાથા ધર્મશાળામાં નવ્વાણું યાત્રા નિમીતે લગભગ સાડા ત્રણ માસ રોકાવવાનું થયું. ધર્મશાળાનાં કર્મચારીઓના સહકારભર્યા આત્મીય વ્યવહારથી ત્યાં કોઈ પણ જાતની તકલીફ પડી નહીં. જમવા માટે ગરમાગરમ ઘર જેવા ભોજનની વ્યવસ્થા અન્ય સુવિધાના કારણે સમય ક્યાં નીકળી ગયો તે ખબર જ ન પડી.

ખેદ સાથે જણાંવવાનું કે જ્ઞાતિની ત્યાં બે ધર્મશાળાઓ હોવા છતાં ઘણાં જ્ઞાતિજનો તળેટી નજીકની ધર્મશાળામાં ઉતરે છે. આ બાબતે તેમની સાથે ચર્ચા કરતાં તેઓ જણાંવતા કે આપણી ધર્મશાળાઓ તળેટીથી ખૂબ દૂર છે. ભલા ભાઈ કોઈને પોતાનું ઘર કોઈ દિવસ દૂર લાગે? સાંજના ખરીદી કરવા બજારમાં આવો ત્યારે હસતા હસતા રીક્ષાભાડું ખર્ચો છો પરંતુ સવારના યાત્રાએ જવાનું રીક્ષાભાડું તમને મોંઘુ લાગે!

જ્યારે પાલીતાણાંમાં રહેવાની જૂજ સગવડો હતી ત્યારે આપણા પ્રતાપી જ્ઞાતિ શિરોમણી શેઠ નરશી નાથા અને જ્ઞાતિ મુગટમણી શેઠ કેશવજી નાયકે સ્વદ્રવ્યથી ત્યાં ધર્મશાળાઓ અને દેરાસર બંધાવી યાત્રાળુઓ માટે સગવડ કરી આપી. આજે જ્યારે કદાચ આપણે નવી ધર્મશાળા બંધાવી શકતા નથી પરંતુ આપણાં વડીલોએ બંધાવેલ ધર્મશાળાઓનો ઉપયોગ કરી તેને ધબકતી તો રાખી શકીએ જ છીએ. આપણી ધર્મશાળાઓમાં પણ એરકંડિશન્ડ અદ્યતન રૂમો વ્યાજબી દરે ઉપલબ્ધ છે.

***વડાલા : ૧-૪-૧૨ - હેમલતા અને અશોક સોમચંદ દંડ***

## યાત્રા અને ખરી શ્રવણભક્તિ

શ્રી નરેશ ઉત્તમચંદ મોમાયા (વારાપધર-હૈદરાબાદ) એ પૂ. માતા-પિતા મંજુલાબેન અને ઉતમચંદભાઈને મોટરગાડીમાં કાળજીપૂર્વક અન્ય ગામો તથા દેરાસરો સાથે શત્રુંજયગિરિની યાત્રા કરાવવાનું ઠરાવ્યું. નાદુરસ્ત તબિયતને લીધે ડોલીથી યાત્રા અનિવાર્ય હતી.. બન્ને માવિત્રો માટે ખુરશી-ડોલીની વ્યવસ્થા કરી. ભાવ અંગે કોઈ રકઝક કે માથાફોડ નહિ. ડોલીવાળાઓએ માંગ્યા મોલ કબૂલ્યા. તેઓ રાજીના રેડ હતા. હોંશે હોંશે યાત્રા કરાવી. યાત્રાને અંતે શ્રી નરેશભાઈ ડોલીવાળાની કૃતજ્ઞતા ભાળી ગદગદ થયા ડોલીવાળાને બે હાથ જોડી, પગે પડી અંતરના ઉદ્‌ગાર વ્યક્ત કર્યા કે તમે મારા માતા-પિતાને ખરેખર, પુત્રોની જેમ યાત્રા કરાવી છે. મારા મનોરથ સફળ થયા છે. કદરરૂપે પૂરાં મહેનતાણા ઉપરાંત બક્ષીશરૂપે નગદ ચૂકવી તેમને ખુશ કરી દીધા. ડોલીવાળાઓને સુખદ? આશ્ચર્ય થયું કે જૈન ધર્મમાં હજી આવા વીરલા છે. બહુ રત્ના વસુંધરા છે. અતિ આત્મીયતા બંધાઈ. અરસપરસ નામ-સરનામા-મોબાઈલ નંબરોની આપ લે થઈ. નવીન આત્મીય સંબંધોના માર્ગે મંડાણ થયા.

ઇચ્છિત કાર્ય કરવાની સાથે અંતરની ઉત્તમ લાગણીઓથી સામેવાળાના ગુણ ગ્રાહ્ય કરવામાં નિપૂણ અને કદરદાન આધુનિક શ્રવણ શ્રી નરેશભાઈની ભાવના જોઈ ઝુકી તો જવાય ને!

***- કાંતિલાલ કેશવજી મોતા (મુલુન્ડ)***

**PHONETICS TEACHER TRAINING CERTIFICATE COURSE**

**New batch start on 14th April 2012**

Contact : **L.N. Mehta Ed. Classes**
Ghatkopar (E), Mumbai-400077
Phone : 9821255876 / 25014824 / 25014870

# અશ્રુભીની શ્રદ્ધાંજલિ

જન્મ
તા.૧-૩-૧૯૫૨



અરિહંતશરણ
તા.૭-૪-૨૦૦૦

## સ્વ. લલીત લક્ષ્મીચંદ લાપસીયા

*તમારી વિદાયને આજે બાર વરસ વીતી ગયા...*
*થતો નથી અમારા હૃદયને વિશ્વાસ, કે તમે નથી આજ અમારી પાસ,*
*હર દિન, હર પળ એજ રહેતી ભાવના, એજ પ્રેમાળ હાથની હર ઘડી ચાહના;*
*ઘરના દરેક ખૂણમાં તમારી સુવાસ છે, દિલની દરેક ધડકનમાં તમારો જ શ્વાસ છે.*
*પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પો એજ પ્રાર્થના...*

**-: પ્રાર્થયિતા :-**

**માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લધાભાઈ લાપસીયા પરિવાર (રવા-કચ્છ)**

**સુ.શ્રી તરલા લલિત લાપસીયા**
**કુ. જીજ્ઞા લલિત લાપસીયા**
**કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા**
**અ.સૌ. મધુરી કિરીટ લાપસીયા**
**ડૉ. કિશોર ચાંપશી લાપસીયા**
**અ.સૌ. નિર્મલા કિશોર લાપસીયા**
**સ્વ. વસંત લક્ષ્મીચંદ લાપસીયા**
**સુ.શ્રી નિર્મલા વસંત લાપસીયા**
**ભાસ્કર લક્ષ્મીચંદ લાપસીયા**
**અ.સૌ. ઈંદિરા ભાસ્કર લાપસીયા**
**જયંત લક્ષ્મીચંદ લાપસીયા**
**અ.સૌ. સરસ્વતી જયંત લાપસીયા**


**U. M. Khona And Company**

C. H. A. No. 11/189

**Clearing & Forwarding Agents**

Phone : 2344 2244 Fax : 91-22-2342 0013, 2340 2633

E-mail : umkhona@bom5.vsnl.net.in

# પ્રથમ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

પરજાઉ



મુલુન્ડ

**માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદ નાગડા**

અરિહંતશરણ તા.૧૫-૪-૨૦૧૧

*નજર સમક્ષ કાયમ રહ્યા, હવે છબી જોવાની રહી,*
*ખુદ જ્યોતિ બની ગયા, અમારે તો જ્યોત જોવાની રહી*
*જિંદગી તમે જીવ્યાને અમારે તો ઝરમર માણવાની રહી*
*આપ તો વસ્યા પ્રભુજીની પાસે...! અમારે તો શ્રધ્ધાંજલિ આપવાની રહી.*
*ઈશ્વર આપના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાંજલ પ્રાર્થના...*

**~ પ્રાર્થયિતા ~**

**શા. લક્ષ્મીચંદ ગોવિંદજી નાગડા પરિવાર** (પરજાઉ)
**શા. ઠાકરશી શામજી લોડાયા પરિવાર** (સાંયરા)

પ્રફુલ લક્ષ્મીચંદ નાગડા, ૭ ગણેશબાગ, જે. એન. રોડ, મુલુન્ડ (વે.), મુંબઈ-૪૦૦૦૮૦. ફોનઃ 25679034

# પ્રથમ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



**માતુશ્રી પુરબાઈ લખમશી લોડાયા** (દલતુંગી-ઘાટકોપર)

અરિહંતશરણ : તા.૧૬-૪-૨૦૧૧

*નથી જડતાં શબ્દો... દોરવા આપની સંપુર્ણ છબી*
*નથી જડતાં શબ્દો... વ્યક્ત કરવા આપની સ્મૃતિ*
*ક્ષણોક્ષણને યાદ કરીએ છીએ.... જ્યારે આપ હતાં અમારી સાથે*
*ક્ષણોક્ષણ આપની હાજરી અનુભવીએ છીએ... જ્યારે આપ નથી સદેહે અમારી સાથે*
*આપની અમર સ્મૃતિમાં...*

પુત્રો : **સુરેશ, બંકીમ, ભુપેન્દ્ર** ● પુત્રવધુઓ : **સ્વ. જશવંતી, મીના, નીતા**
પૌત્ર-પૌત્રવધુઓ : **અપર્ણા-અમીત, ચૈતાલી-અલ્પેશ, ભાવિની-જીતેન**
પૌત્રી : **સ્વ. દિશિતા, વૃતિ, પ્રાચી, પ્રીયા** ● પરપૌત્રી : **મેઘા, સુધા**
દિકરી-જમાઈ : **જયા મણીલાલ ખોના ● કંચન ગુલાબચંદ નાગડા ● સુશીલા શશીકાંત દંડ**
તથા **ધનલક્ષ્મી**

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

**Respect the old**

In Japan the old are the most respected persons. There are Special traffic paths exclusively meant for the old through which they can cross the roads. Any taxi driver, on seeing the old, will stop his vehicle and continue only after helping the old to cross the road.

In hotels there is an `old man's corner' where they can sit quietly and eat comfortably. The charges are nominal, only 1/10 of what is normally billed for others. Whenever there is queue, the youth, if they see an old man or a woman, they will bow and give place to them. Again in the train or bus the young on seeing the old, get up and give place for them to sit. When a Japanese citizen was asked why they did like that, he replied, `This is how we repay for what they did for the nation when they were hale and hearty". Why not we in India too follow the Japanese.

***Courtesy: `kisan world'***

**PROVERBS ARE LAMPS TO LIFE**

Cowardice asks, "is it safe? Expediency asks,Is it polite? Vanity asks, Is it popular? But conscience asks, **Is it right?**

* When love and skill work together expect a masterpiece * A candle does not lose anything by lighting another candle. * Duty makes us do things well , but love helps us do them beautifully

**AMAZING FACTS**

* Botanists in China ave iscovere a - unique `green house' in a remote mountain plateau. Here plants from the ice age have been preserved in their original form.

* Scientists at the university of Texas, USA have devised an ` electronic tongue' which will help improve the taste of food and also to analyse the composition of samples in some medical applications. The `tongue' made up of thousands of very small electronic chips determines whether a particular food is sweet, sour or both, through the change in colour.

Indian scientists have discovered a ayurvedic drug to treat diabetes. The extract known as Vijayasar is extracted from the bark of a tree, pmarsupium, found in the Mekal Hills in Madhya Pradesh.

**AMAZING FIGURES**

Challenger Deep is the deepest known spot in the oceans of the world. It is in the Marianas Trench in the pacific ocean. Its depth is 36198 feet as measured by sounding and by the echo sounder from the Russian research ship Vityaz in March, 1959. the average depth of the Pacific ocean is 14,000 feet.

• The Pharos of Alexandria was a marble light house and watchtower. It was built about 270 B. C on the island of the pharos in Alexandria in Egypt. It stood over 122 meters high. An earthquake in 1375 A. D destroyed it.

**THINK OVER IT**

Charles A. Beard, a wise historian, was asked if he could summurise lessons of history in a single volume. He answered that he could do it in only 4 sentences. * Whom the Gods would destroy, they first made them mad with power. * The mills of Gods grind slowly, but they grind exceedingly fine. * The bee fertilizes the flowers it robs. * When it is dark enough, you can see the stars.

**WORD POWER**

Make as many words as possible from the letters available below. Each word must include the centre letter **'a'**

Send the words neatly written to Mrs Neelam Dalesh Momaya. The longest list wins a prize.

## શત્રુંજય તીર્થે ઐતિહાસિક અજિત-શાંતિ પુનઃપ્રતિષ્ઠા મહોત્સવની અનુમોદના

અમો સૌ યુવા, બાળકોને શ્રી મહાવીર જૈન વિદ્યાલય વતી જિનશાસન પ્રભાવનાના વિરાટ કાર્યમાં સહભાગી થવાની ઉત્તમ તક મળી.. સેવાકાર્યથી ધન્ય બની ગયા.. વિલસીત રોમરોમ આ શ્રેષ્ઠ ઐતિહાસિક, અણમોલ લાભ બદલ અમે લાભાર્થી **મા. તારાબાઈ માણેકજી મોતા પરિવાર**નાં અંતઃકરણથી આભારી છીએ.

*"કોણે કહ્યું પ્રભુવીરનું શાસન નથી જયવંત?*
*ઉજવાયું અજિત-શાંતિ પ્રતિષ્ઠા અણમોલ પ્રસંગ*
*આપના જેવા આત્મા નથી નાશવંત,*
*એટલે જ પ્રભુએ કહ્યું છે, "જિનશાસન છે શાશ્વત."*

આ પંક્તિ કોઈ કવિએ કે કોઈ શાયરે નહીં, પણ અમારા દિલના ભાવોથી અમે ત્યાં રહીને આ ભવ્યાતિભવ્ય પ્રસંગ નિહાળીને જે અનુભવ્યું તે અમારા દિલમાંથી સરી પડેલ અનુભુતિના શબ્દો છે. આ કાર્યની અનુમોદના તો ઘણાં લોકોએ કરી હશે. અમે હર્ષના આંસુ સાથે અનુમોદના કરીએ છીએ.

તીર્થાધિરાજની તળેટીથી નીકળેલ ૩ કિ.મી. લાંબો વરઘોડો જેમાં કેરાલાના ગજરાજો, ભારતભરના વિવિધ રાજ્યોની બેંડપાર્ટી, કચ્છના ચાંદીના રથો, ઘોડાઓ, રાજસ્થાના ઊંટો, ૧૦૮ મુમુક્ષુના વર્સીદાનના રથો, વિવિધ નાટક મંડળી, ૪૫ આગમની ડોલીઓ, ભારતની નેવીનું અને આર્મીનું બૅંડ વગેરે અનેકવિધ શણગારો ઉમેરીને આપશ્રીએ જિનશાસનના કાર્યમાં ચાર ચાંદ લગાવી દીધા.

અમોએ તો અત્યાર સુધી માત્ર સ્કૂલની લોબી અને ક્રિકેટના મેદાનો જોયા, કોલેજની કેન્ટીનો અને ક્રાઉડ જ જોયા હતા.. જ્યારે આપે તો અમને નવટૂંકની લાંબી લોબી અને તીર્થવાટીકા જેવા મેદાન, કોલેજની કેન્ટીનને માત્ર એક થાળીમાં મૂકી દે એવો વિશાળ ભરત ચક્રવર્તી ભોજનકક્ષ! મોલ, તથા માર્કેટ કે સિનેમાગૃહના ક્રાઉડને છોડી પ્રભુશાસનની પ્રભાવના જોવા ઉમટેલા ૪૦ થી ૫૦ હજાર માનવ મહેરામણનાં દર્શન કરાવ્યા.. જે જીવનની ધન્ય ઘડી હતી..

રૂપકુમાર રાઠોડ, આલાપ દેસાઈ, સલમાન મીર જેવા જાણીતાં ગાયકોને "અજિત-શાંતિ" જૈન સ્તવના ગાતા કરી દીધા.. એક અજૈનના મુખે પણ અજીત-શાંતિ અને પ્રાચીન સ્તવનો ઝૂમી ઝૂમીને ગાતા જોઈને આંખો હર્ષથી છલકાઈ ગઈ. વેસ્ટ બંગાલ કારીગરોને આબેહુબ ઉપર જેવી નવટૂંક છે એવી નવટૂંકની પ્રતિકૃતિનું કામ કરાવી તેમને પણ કાયમ માટે અભક્ષ્ય (માંસાહાર ત્યાગ) ખાતા બંધ કરાવી! અકબર રાજાના વખતમાં શ્રી હીરસૂરીશ્વરજીએ જે કાર્ય કર્યું એવું મહાન કાર્ય કરી જૈન ધર્મનું નામ રોશન કર્યું. આવું કાર્ય જેમના રોમ રોમમાં જિનશાસન વસ્યું હોય તેજ વીરલા કરી શકે એ હકીકત છે. કોલેજમાં જઈ પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગાયેલા અમોને આંખ સામે ૧૮-૧૮ યુવાન મુમુક્ષોને દીક્ષા લેતા જોઈ અમારા મનમાં જે માન્યતા હતી તે ખોટી ઠરી ભોગવિલાસના આ યુગમાં કોઈ ભણેલ યુવાન દીક્ષા લે જ નહીં એ શંકા મનમાંથી નીકળી ગઈ.

તીર્થાધિરાજની તળેટીની મહાપૂજા જોઈને તો જાણે એવું થયું કે કાશ્મીરના ગુલાબનાં મઘમઘતા બગીચા જાણે અહીંયા મૂકી દીધા છે! ચોમેર લાખો ગુલાબોની આંગીઓ, મોંઘા ડ્રાયફ્રુટની ગહુંલીઓ, દીવાની રોશની, વિવિધ સ્ટેચ્યુ (પ્રતિમા) તથા વિવિધ સુશોભનો જોઈને જાણે એમ જ લાગ્યું કે "ધરતી પર આજ સ્વર્ગ ઉતર આયા હૈ।"

ગિરીરાજના અભિષેક વખતે તો જાણે ચોથો આરો વર્તાયો હોય તેવો પવિત્ર માહોલ સર્જાયો હતો.. જ્યાંથી જુઓ ત્યાંથી લોકોના ટોળાનાં ટોળા પૂજાના વસ્ત્રોમાં વહેલી સવારથી ઉમટી રહ્યા હતા.. તીર્થાધિરાજ ઉપર હેલીકોપ્ટર દ્વારા થયેલ પુષ્પની વર્ષા વખતે તો જાણે દેવો સાક્ષાત ભગવાનનો જન્માભિષેક કરવા ન આવ્યા હોય! એવું વાતાવરણ ઉભું થયું.

આ વિરાટ મહોત્સવ કાર્યમાં પણ સંપૂર્ણ જૈન નિયમો (જયણા)નું ચુસ્તપણે પાલન કરાયું હતું.. બધા મહાનુભાવોને બેસાડીને બહુમાનપૂર્વક જમાડવા, ચોવિહાર મંડપમાં પણ ઓછામાં ઓછી ઈલેક્ટ્રીકસીટીનું વપરાશ, દીવાની રોશની, ક્યાંય વીડીયો શૂટીંગ નહીં વગેરે જોઈને લાગતું કે જિનશાસન હજી પણ જયવંતુ વર્તાય છે.

એક બે દિવસ વગર મને સાંભળેલ ગુરૂની વાણી ઉપર પણ અચાનક વિશ્વાસ લાગવા બેઠો.. આધ્યાત્મિક દેશનાનાં દાતા શ્રી યોગતિલકસૂરીશ્વરજી મ.સા.. અમારા મનના મુંઝવતા પ્રશ્નોના સાચા જવાબ આપી અમને સાચી સમજણ આપી.. ગુરૂ પણ કેવા સમતાધારી-નિસ્પૃહી કે આ ભગીરથ કાર્યમાં એમના નામનું ક્યાં બેનર પણ નહીં! ચુસ્ત જૈન ધર્મનું પાલન.. આપે અમોને સાચા ગુરૂ ભગવંતની આગળી પકડાવી..

શાસનના વિરાટ કાર્યો કરવા ક્યારેય પણ યુવાનોની જરૂર પડે તો અમને જરૂર બોલાવજો.. અમો હંમેશા શાસનના કાર્યો કરવા તત્પર છીએ..

આ વિરાટ કાર્ય કરી તમોએ પરિવાર, ગામ, સમાજના તથા સમસ્ત જૈન સમાજમા ડંકો વગાડી દીધો છે. ઈતિહાસમાં સુર્વણ અક્ષરે તમારું નામ લખાઈ જશે. તમારા હાથે હજી પણ આવા શાસનના ઉમદા કાર્યો થાય અને ઘણાં જીવો સમકિતને પામે એ જ અભ્યર્થના... આ પ્રસંગનું વર્ણન કરવું અમારા જેવા પામર જીવનું ગજું નથી પણ કાલીગેલી ભાષામાં અમે અમારા ભાવો વ્યક્ત કર્યા છે.

"હે પ્રભુ આ યુવા-બાળકોના મનની હેલી,
શક્તિ આપો સૌને કે જિનશાસનની ફરી
આવી ધન્યપળો આવે પાછી વહેલી-વહેલી.."

***- શ્રી મહાવીર જૈન વિદ્યાલયના બાળ છાત્રો વતી***
***દેવાંશ મુકેશ લોડાયા (રાપર)***

## જીવન-પ્રકાશ : ચિત્ત તું શીદને ચિંતા કરે

*- ડૉ. વીરચંદ લખમશી નાગડા (મુલુન્ડ)*

આજકાલ આપણાં સૌની જીંદગી ચિંતા, તાણ, ટેન્શનથી ભરેલી છે. લાઈફસ્ટાઇલને લીધે આપણાં સૌમાં આવેશ, જુસ્સો અને ઉતાવળ વણાઈ ગયા છે અને એને લીધે મગજ અને તેમાંથી નીકળતી નસો (નર્વસ) ઉશ્કેરાયેલ રહે છે અને તેથી મોટાભાગના આપણે નાની નાની વાતમાં પણ ઉશ્કેરાઈ જઈએ છીએ, ઈરીટેબલ થઈ ગુસ્સાથી જવાબ આપીએ છીએ કે નાની નાની વાતમાં ઝગડીએ છીએ. આધુનિક જીવનશૈલી તણાવમાં વધારો કરે છે. આ તણાવ સામે લડી લેવા અનુકંપી (સિમ્પથેટીક) તંત્ર સક્રિય થાય અને શાંતિ, સ્વસ્થતા લાવનાર સહાનુકંપી (પેરાસિમ્પથેટીક) તંત્ર સક્રિય થાય, આમ આ તંત્ર રચના વારંવાર કાર્યાન્વિત થાય અને દર વખતે બિનજરૂરી હાનીકારક હોર્મોન લોહીમાં ઠલવાય. એથી રોગપ્રતિકારક શક્તિ ઘટે, સ્વાસ્થ્ય બગડે, આયુષ્ય ઘટે. એટલે જ આપણા પૂર્વજોએ ખરૂં કહ્યું છે કે **"ચિંતા ચિતા સમાન"** એટલે ચિતા જેમ શરીરને બાળે એમ જ ચિંતા, તાણ, ટેન્શનથી આપણા શરીરની અંદર રહેલ ગ્રંથીઓમાં ઉથલપાથલ થઈ લોહીમાં હાનીકારક કેમીકલ-હોર્મોન્સ છુટે જે લાંબા ગાળે બી.પી. ડાયબિટીઝ, થાઈરોઇડ, હાર્ટએટેક, લકવા વગેરેમાં પરિણમે. ચિતાની જેમ જ ચિંતા આપણા શરીરને ખલાસ કરે.

મોટાભાગના આપણે નાની નાની વાતપર ચિંતા કરતા હોઈએ છીએ. મનુષ્યે કોઈપણ સમસ્યાના ઉકેલ માટે પોતાનાથી બનતા બધા પ્રયત્ન કરવા જોઈએ. નાની નાની મુશ્કેલીઓ તો આપણા પ્રયત્નથી દૂર થઈ જ જાય છે. મોટી મુશ્કેલીઓ માટે આપણે આપણાથી બની શકે તે તમામ કોશીશ કરી બાકીનું ભગવાન પર છોડી દેવું જોઈએ. ચિંતા કરવાથી ફાયદો તો ન થાય ઉલટુ તબીયત બગડે એ નુકશાન, આપણા લાખ પ્રયત્ન પછી પણ દરેક વખતે આપણી ઇચ્છા પ્રમાણે નથી થતું. "ચિત્ત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે..." ને અનુસરીએ.

ચિંતા અથવા ટેન્શન વધે તો છાતીમાં ધડધડ થાય, હાથપગપર, માથાપર પસીનો થાય, શરીર ધ્રુજવા લાગે. વધુ વખત અથવા વધુ પડતી ચિંતાની શરીરની દુર્લક્ષ સંસ્થા પર અસર થઈ વિવિધ લક્ષણો ઉત્પન્ન થયા. બીપી વધવું કે ઘટવું, દમ લાગવો, છાતીમાં દુઃખવું, ઉલ્ટી થવી, ભુખ ન લાગવી, ઉંઘ ઉડી જવી વગેરે લક્ષણને ચિંતા કરનાર વ્યક્તિમાં અલગ અલગ અને ઓછા વધતા પ્રમાણમાં ઉત્પન્ન થાય. જે વ્યક્તી સતત ચિંતા કે માનસિક તાણમાં જીવે છે તેના શરીરમાં અહિનલીન, કોર્ટિસોલ જેવા સ્ટ્રેસ હારમોન્સ વધારે સ્ત્રવે છે. આ હાર્મોનથી શરીરમાં સોજો ઉત્પન્ન થાય જે આગળ જતાં હાર્ટએટેકમાં પરિણમી શકે.

ચિંતા, તાણ ન થાય એ માટે અથવા થઈ હોય તો દૂર કરવા મનની સહનશક્તિ, સાત્વિક અન્ન લ્યો, વધુ પડતા તીખા, તમતમતા, તળેલા, બજારૂ ફાસ્ટફુડને બદલે વિટામીન, ખનીજ ધરાવતા પૌષ્ટિક અન્ન લ્યો. ફળો, શાકભાજી વધારે પ્રમાણમાં લ્યો, ડ્રાયફ્રુટ પ્રમાણસર લ્યો જેથી મગજને જરૂર પોષક તત્વો મળી રહે. વ્યસન ત્યજો. ચાલવું, કસરત, દોડવાથી તાણ ઘટે છે. કસરત કરવાથી સાર લાગે એવા ફીલગુડ હાર્મોન ગ્રંથી છોડે છે. વધુ પડતી ચા, કોફી, કેફીનવાળા ઠંડા પીણા ત્યજો, સંગીત, ભક્તિ સંગીત સાંભળો, ગાઈ શકતા હો તો ગાઓ, નહીં તો ગુનગનાઓ, વગાડી શકતા હો તો વાજિંત્ર વગાડો. તેથી ચિંતા, તાણ ઘટશે. રોજ પ્રાણાયામ અને યોગાસન કરો. નિયમિત યોગ કરવાથી મગજ શાંત રહે છે, ઉશ્કેરાટ ઘટે છે. શાંત ઉંઘ આવે છે. મનમાંથી ગુસ્સો, ઈર્ષા, વેરવૃત્તિને દૂર કરી મનને શુધ્ધ કરવાથી તકીયે માથું રાખીએ કે તરત જ બાળકની જેમ ઉંઘ આવશે. શાંત ઉંઘ થવાથી શરીરને, મગજને પૂરતો આરામ મળે છે, લોહીમાં ટ્રાયગ્લીસરાઈડ ઘટે છે, ચિંતા તાણ ઓછી થાય છે. સારા અને હકારાત્મક વિચાર કરો જે મન-મગજને શાંત કરે, ચિંતા દૂર કરે, બાળકો સાથે વાતો કરવાથી, એમને વાર્તા કહેવાથી, એમને રમાડવાથી ચિંતા, તાણ ઘટશે. બીજાઓને મદદ કરવાથી, ઉપયોગી થવાથી મન-મગજને સારૂં લાગે છે, ભલુ ક્યાંની ભાવનાને લીધે ચિંતા, તાણ ઓછી થાય છે. જીવનમાં હાસ્યને આપનાવો, જોક, કોમેડી અને હલકીફુલકી સીરીઅલ, પિક્ચર તાણ, ચિંતા ઘટાડવામાં ખૂબ મદદરૂપ થાય છે. આપણી ચિંતા વિષે ઘરની વ્યક્તિઓ સાથે સારા, ખાસ મિત્ર સાથે ચર્ચા કરવાથી ચિંતા, તાણમાં ઘટાડો થાય છે. ઘરનાઓએ પણ ચિંતામાં હોય એ વ્યક્તિને મદદરૂપ થવા પ્રયત્ન કરવો.

ધ્યાન-મેડીટેશન ચિંતા, તાણ ઘટાડવામાં ખૂબ ઉપોયગી થાય છે. શાંત જગ્યામાં પવિત્ર મનથી પદ્માસન કે સુખાસનમાં બેસી પોતાના શ્વાચ્છોશ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરો અથવા કપાળમાં જ્યાં આપણે તિલક કરીએ છીએ ત્યાં મનને કેન્દ્રિત કરો. સામે બળત મિણબત્તીની જ્યોત કે સારા ચિત્રમાં ધ્યાન કેન્દ્રિત કરો તો પણ ચાલે. વિચાર અહં ત્યાં ભટકે એટલે વળી મનને ત્યાંથી પાછું લાવી કેન્દ્રિત કરો. "ઓમ શાંતિ"નો જાપ કે "શાંતિનાથાય નમઃ"

નો જાપ કરી શકો. ચિંતા, તાણ ઘટશે. આપણે કોઈ કાર્યમાં મગ્ન થઈ જઈએ, તનમય થઈ જઈએ જેમકે રસોઈ, ડ્રોઈંગ, આર્ટ, સંગીત, કોઈ પિક્ચર વગેરેમાં લીન થઈ જઈએ આ સ્થિતિનું નામ જ ધ્યાન છે. આપણી સમગ્ર ચેતનાશક્તિને કોઈપણ એક સ્થાને કેન્દ્રિત કરીએ. ત્યારે મન શાંત થાય છે, ચિંતા, તાણ દૂર થાય છે. સારૂં કાર્ય, સારી ભાવના એકચિત્તે કરવાથી મન શાંત થાય છે. હંમેશા સારી, કન્સ્ટ્રક્ટીવ પ્રવૃતિમાં રહો. નવરા બેઠા હોઈએ એટલે મગજ નવરૂં અને મગજ નવરૂં એટલે ચિંતા ઉપજાવે એવા ખોટા ખોટા વિચારો આવે, માટે કોઈપણ સારૂં કામ કરતા રહો, નવરા ન બેસો. કોઈ સારા શોખ કેળવો જે કરવાથી સમય પણ સારી રીતે પસાર થાય અને મનને શાંતિ મળે, આનંદ મલે, ઉત્સાહ વધે.

**ચિંતા ન કરો પણ ચિંતન કરો.** ચિંતા જીવનને રણ બનાવે છે જ્યારે ચિંતન જીવનને નંદનવન બનાવે છે. વૈજ્ઞાનિકો કહે છે કે બી.પી. હાર્ટએટેક, ચામડીની બિમારીઓ, કમરનો દુઃખાવો, કેન્સરને ચિંતા, તાણ સાથે સંબંધ છે. ચિંતા, તાણને લીધે લોહીમાં એવા હાર્મોન્સ ભળે છે જે આપણી પ્રતિકાર શક્તિ ઓછી કરે છે જેને લીધે શરદી, ઉધરસ, તાવ, શ્વસનતંત્રની બિમારીઓ લાગુ પડે.

*"શિરે ભાર લઈ ફરશો તો જીવન કરમાઈ જશે,*
*હસતા-રમતા જીવશો તો જીવન બદલાઈ જશે..."*

### ગતાંકમાં સુધારો

સ્વ. પ્રફુલ્લ ચાંપશી શીયાલની જા.ખ.માં પાના ૧૭ પર અરીહંતશરણ શરતચુકથી તા.૨૩-૩-૧૨ છપાયેલ જે સુધારીને **૨૩-૩-૨૦૦૨** વાંચવું.

પ્ર.સ.અંક૧૩માં સગપણ વિભાગમાં ચિ. ચિંતન અને ક્રેનીની સગપણ નોંધમાં નામ શરતચુકથી ફ્રેની છપાયું છે જે સુધારીને **ક્રેની** વાંચવું


## OFFICE ON RENT

**Fully furnished AC offices available on rent (lease) basis**

**Small office space of 100 sq.ft. build up at 'Dreams the Mall' at Bhandup [W]**

**Just 2 mins.walking from station.**

**Contact:-**
**02221661369, 9619711552 (9AM-6PM)**


### પાસ થયા – અભિનંદન


કુણાલ તીલક ડાઘા
માંડવી
B.E. Sem-3 86%


કુ. માનસી ચંદ્રકાંત ઘરમશી
વડોદરા
B.Com. 64%


વીરલ મેહુલ નાગડા
હુબલી
PUC (II)

### ન જાને કૈસે

ન જાને કૈસે પૌધે-પેડભી બન જાતે હૈં।
કૈસે પંછી આકાશ મેં ગુમ હો જાતે હૈં।
ન જાને કૈસે હર તસ્વીર સચ બન જાતી હૈ।
જાને કૈસે હર મૌસમ બદલ જાતે હૈં।
ન જાને યે સપને કહાઁ સે આ જાતે હૈં।
વે ઇંદ્રધનુષ કહાઁ સે નિકલતા ઔર બાદલ આ જાતે હૈં।
ન જાને સુબહ સેં શામ કૈસે હોતી હૈ।
હર વક્ત સે એક શીખ ઔર તજુર્બા મિલ જાતે હૈ।

***– નીરલ તિલકચંદ દંડ (ઇંદોર)***


શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

**શુભેચ્છા સહ...**
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
**C.H.A.No.11-0404**

## AFFORDABLE HOUSING AT ASANGAON [ SHAPUR ]

**1RK - Rs 9.51,000**
**OFFICE**

**1BHK- Rs 12,91,000**
**2BHK- Rs 18,91000**
**Luxurious Township**
**With Modern amenities**
**15mins walking from station**
"For more details Contact :- 9619711551\52

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી જૈન મિત્ર મંડળ-નાંદેડ

નાંદેડના જૈન મિત્ર મંડળ દ્વારા ૧૦૦થી વધુ વર્ષ પ્રાચીન આદેશ્વરની પ્રતિમાજીનું દિગંબર જિનાલયમાં તા.૧૫-૩-૧૨ના આદિનાથ જન્મ કલ્યાણક દિને દર્શન અને સમુહ ચૈત્યવંદન કાર્યક્રમ ગોઠવેલ. શ્વે. મુર્તિપુજક સંઘ દ્વારા પ્રથમવાર આ પ્રકારે દર્શન વંદન કરવા ૫૦ થી વધુ ભાવિકો શરાફા ચોકથી પગપાળા જઈ દર્શન-ચૈત્યવંદન કર્યા હતા. ત્યાં ટ્રસ્ટીઓએ પણ સંઘને આવકારીને સંઘપૂજન કરેલ. અગ્રણીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત થયેલ.

### શ્રી પ્રેમચંદ મોતા-કોલકતા

જાણીતા જિંગલ્સના કવિ પ્રેમચંદ મોતા કોલકતામાં મસાલા બ્રોકર છે જેઓ હાલમાં દુબઈમાં ૧૯ થી ૨૨-૨ ની યોજાયેલ ગલ્ફ ફુડ એન્ડ ઈન્ટીગ્રેન્ડસનાં ચાર દિવસીય આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં સહભાગી થયા હતા. આ પ્રદર્શન ત્યાંના અગ્રણી શાસક શેખ મુહમ્મદે ઉદ્‌ઘાટન પ્રવચનમાં તેમને "મસાલોં કે સુલતાન"ની ઉપમા આપી નવાજેલ.

આ પ્રદર્શનમાં મસ્કત, પાકિસ્તાનનાં કચ્છી-ગુજરાતી વેપારીઓ અને દેશવિદેશની મોટી એક્સપોર્ટ કાં.ઓએ ભાગ લીધેલ. ભારતનાં ૧૫૧ વ્યાપારી અને ૮૮ દેશની ૩૮૦૧ કાં એ ભાગ લીધેલ. પાંચેક લાખ ગ્રાહકોએ આ મેળાની મુલાકાત લીધેલ.

### "જીવન-સંધ્યા" દ્વારા વૈદ્યકિય સારવાર યોજના



જીવન સંધ્યાં વસતા જરૂરમંદો માટે જુની હઠીલી બિમારીઓ આવતાં વૈદ્યકીય સારવાર માટે વ્યવસ્થા આયોજન મુશ્કેલ બની જાય છે. સંસ્થા પાસે અલગથી વૈદ્યકીય સારવાર ફંડ હોય તો આવા ખર્ચાઓને પહોંચી શકાય. જરૂરતમંદ વૃધ્ધો-વડીલો માટે માવજતમાં જરૂરી વૈદકીય રાહત-મદદ કરી શકાય તે હેતુસર અલગ ફંડ ઉભું કરવા વિચારણાં છે. આ યોજનામાં ફાળો સ્વીકારાશે. રૂ।.૧૦૦૦ના દાનના લાભાર્થીની યાદી સમાજ સમક્ષ પ્રકટ કરાશે. રૂા.૧ લાખની વધુના દાતાનું નામાંકન સંસ્થામં અલગથી તક્તીમાં કંડારવામાં આવશે. રૂા.૫ લાખ અથવા તેથી વધુના ફાળા માટે દાતાના નામની તક્તિ યોગ્ય જગાએ અંકિત કરાશે.

સંસ્થાને હંમેશ સહયોગી બિજાપુરના શ્રી ધીરીશભાઈ ઝવેરચંદ વિશનજી ધરમશી પરિવાર (કોઠારા) તરફથી રૂ।.૧,૧૧,૧૧૧ના ઉદાર ફાળાને વધાવી સ્વીકારેલ છે. આ બદલ દાતા પરિવારની સંસ્થા આભારી છે.

વર્ષ દરમિયાન થનાર તબીબી ખર્ચની યાદી પ્રગટ કરાશે. આ માટેના સલાહ સૂચનો આવકાર્ય છે. આ યોજનાને સફળ બનાવવા સાથ આપવા અપીલ છે. સંસ્થાને અપાતું દાન આવકવેરા કલમ ૮૦જી હેઠળ કર મુક્તીને પાત્ર છે. હાલ ૨૩ જ્ઞાતિજનો સંસ્થામાં રહે છે.

### પારોલા તીર્થે દર મહિને સંતિકર અભિષેક

પારોલાતીર્થે પુ. દેવરત્નસાગરજી મ.સા.ની પ્રેરણાથી શ્રી શાંતિનાથ દાદાના સંતિકરં અભિષેક દર માસના પ્રથમ દિવસે થાય છે. સ્થાનિક તેમજ બહારથી જ્ઞાતિભાઈઓ લાભ લે છે. અત્યારે પુ. ધર્મપ્રભસાગરજી મ.સા.આ.ઠા.-૩ની વ્યાખ્યાન વાણીને લાભ જ્ઞાતિભાઈઓ લે છે. માતુશ્રી કસ્તુરીબાઈ જીવરાજ લોડાયા પરિવાર (કોઠારા-ચોપડા) તરફથી અતિથીગૃહને આરીસા ૧૦ અને માતુશ્રી સુશીલાબાઈ માણેકજી લાલકા પરિવાર (ધ્રાફા-નાગપુર) તરફથી સંઘને માતબર ભેટ મળેલ છે. તેમજ દામજી આણંદજી વિકમશી પરિવાર (ખામગામ) તરફથી સંસ્થાને ૪ કબાટ ભેટ મળ્યા છે. શ્રી પારોલા સંઘ વતી શ્રી વિનોદ ખીમજી લોડાયા (ઔરંગાબાદ)એ સંઘની વાડીમાં નવપરણિત વરવધુને શુભેચ્છા આશિર્વાદ આપી બહુમાન કરેલ. સંસ્થાએ બન્ને દાતા પરિવારનો આભાર વ્યક્ત કરેલ. .



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

Trust Regn. No. E-2071 – Kachchh • P. A. No. AABTA 7039 A
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256
**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરિત પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને-આશિર્વાદે, જ્ઞાતિના સહકારે ટ્રસ્ટ દ્વારા કાર્યો સફળતાપૂર્વક ચાલે છે. દર બુધવારે ગરીબોને ભોજન કરાવવાના સહયોગી દાતાઓઃ મહેન્દ્ર વેજબાઈ મોતા (ભાંડૂપ), આરતી રાજેશ જૈન (પિડાવા), જયેશ અને જતીન નાગડા (પુના), હીરબાઈ શામજી પોલડીયા હ. વિશાખા અને પ્રીતી મોમાયા (મુંબઈ), પુજા અર્પિત મોતા (ઇંદોર), રમાબેન ગોવિંદજી દંડ (નાંદગાવ), માનકુંવરબાઈ ધનજી મોમાયા હ. વિશાખા (મુંબઈ), શ્રી નુતન ભાવના મંડળ (જલગામ), દેવજી પુનશી મોતા હ. કુશલભાઈ મોતા (મુંબઈ), રાજેન્દ્ર નરશી લોડાયા (ચોપડા), કુશલ દેવજી મોતા (મુંબઈ), વધુ માટે સંપર્ક : સૌ. અંજના ભરત જૈન (ચાલીસગામ) ફોન (૦૨૫૮૯) ૨૨૨૪૪૪

## જન્મદિનનિમિત્તે ધાર્મિક ઉજવણી

તા.૨૯-૩-૧૨ના બપોરે ૩ વાગે પૂ.શ્રી મુખ્યાશ્રી રત્નરેખાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા. લક્ષ્યલીનાશ્રીજી મ.સા. તથા પૂ.સા. જયસ્મિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં મા. લક્ષ્મીબેન ધનજી દેઢીયાના પ્રપૌત્ર અને મા. મોહનીબેન નરપતચંદ ભંડારીના પ્રદૌહિત્ર પરમ દર્શન દેઢીયાના જન્મ નિમિત્તે નિવાસસ્થાને સમુહ સામાયિકનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રાવક/શ્રાવિકાઓએ બહોળી સંખ્યામાં હાજર રહેલ. ચાંદીના કળશના સિક્કાના પ્રભાવના કરવામાં આવેલ અને મીઠુ મોઢું કરાવવા પેંડાના બોક્સ અપાયેલ.

## વડાલામાં ગુરૂભગવંતોની પધરામણી

પૂ.સા. વિશ્વપ્રભાશ્રીજી મ.સા.તા.૧૩-૩-૧૨ના ૭૨ જિનાલય તીર્થે સમાધીપૂર્વક કાળધર્મ પામેલ તે નિમિત્તે શ્રી વડાલા સંઘમાં પંચમહાવ્રતની મોટી પૂજા શ્રી વીરભગિની મંડળની બપોરે રાગરાગિણીથી ભણાવેલ.

વડાલામાં ચૈત્ર માસની આયંબીલની ઓળીની આરાધના નિમિત્તે પૂ.સા.મુખ્યાશ્રી રત્નરેખાશ્રીજી મ.સા.અને શિષ્યાઓ પૂ.સા. હર્ષાવલીજી મ.સા., પૂ.સા. લક્ષ્યલીનાશ્રીજી મ.સા. તથા પૂ.સા. જયસ્મિતાશ્રીજી મ.સા.આ.ઠા.૪ તા.૨૭-૩-૧૨ના પધારેલ.

## વતન વિકાસગાથાની દેશાવળમાં બેઠકો

### ધુલીયા

સામાજિક કાર્યકર શ્રી લબ્ધિભાઈ મોમાયાના ઉપક્રમે ધુલીયામાં તા.૧૦-૩-૧૨ના સમસ્ત કચ્છી સમાજ માટે હોટેલ ગણપતી પેલેસમાં "વતન વિકાસ ગાથા" સેમીનાર યોજાયેલ. જેમાં ધુલીયા જ્ઞાતિ મહાજનના પ્રમુખશ્રી વસંતભાઈ ગોસર, પારોલા સંઘપ્રમુખશ્રી ગોવિંદજીભાઈ સોની, અગ્રણીઓ શ્રી ચંદ્રકાંત લોડાયા, અભયચંદ દંડ, ગુર્જર સમાજના વીરેન્દ્ર મહેતા, ભાનુશાલી સમાજના પેરાજભાઈ, કડવા પાટીદાર સમાજના રવજીભાઈ પટેલ વગેરે મુખ્ય મહેમાન તરીકે પધારેલ.

શ્રી લબ્ધિભાઈએ વતન કચ્છ સતત વિકાસનાં પંથે છે. પાણી અને ઉદ્યોગો આવી રહ્યા છે. ત્યાં વતનીઓએ પોતાની માલમિલ્કતો સાચવવા અને તેનાં વેરા નિયમિત ભરી હક જાળવવા સાવધાન રહેવું. ત્યાં ખુબ પ્રગતિ થવાથી કિંમતો વધી રહી છે તો માદરે વતનમાં રોકાણની પણ ઉતમ તક છે.

કાર્યક્રમ આયોજન શરદભાઈ દંડ, મયુર ભાટી અને મનીષ ભાટીએ કરેલ. કાર્યક્રમ સંચાલન શ્રીમતિ કલ્પનાબેન ભાટેએ કરેલ. કાર્યક્રમમાં અગ્રણી કચ્છીઓનું બહુમાન કરાયેલ. વિવિધ વક્તાઓએ કચ્છનાં હરણફાળ વિકાસની વિગતો રજુ કરી કચ્છ પ્રત્યે લગાવ રાખવા અપીલ કરેલ.

### જલગામ

અત્રે ભલારાદાદા એસ્ટેટ એજન્સીનાં શ્રી લબ્ધિભાઈ મોમાયા તરફથી ગુજરાતી સમાજ મિત્ર મંડળના સત્યવલ્લભ હોલમાં તા.૧૮-૩-૧૨નાં સાંજે "વતન વિકાસગાથા" સેમીનાર યોજાયેલ. સમસ્ત ગુજરાતી સમાજને આમંત્રણ હતું. આયોજનમાં શ્રી ધનરાજ મોતા, લલિત શાહ, મુલકુમાર ઠક્કર, જિનેશ શાહ વગેરે જહેમત લીધી. કાર્યક્રમ સંચાલન શ્રીમતિ તારાબેન મોતાએ સંભાળે. નવકારપઠન બાદ ભલારાદાદાને હારારોપણ અને દીપપ્રાકટ્ય કરી કાર્યક્રમ શરૂ થયેલ. બહેનોએ લબ્ધિભાઈ મોમાયાની સમાજસેવાની પ્રશસ્તિ અનુમોદનારૂપ ગીત રજુ કરેલ.

ગુજરાતી સમાજ અધ્યક્ષ શ્રી રાજેશ દોશી, ક.દ.ઓ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

દાદર મુલુંડ પાર્લા

9323360708 • 25903514-5-6

24160708 • 32960708 • 65005758

tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥

25 SILVER JUBILEE

તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...

હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને ગ્રુપમાં ટેઇલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI Continental MADHUBAN - JHARKHAND

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

સમાજમાં શ્રી દિનેશ લોડાયા, નરેન્દ્ર મોમાયા, ક.વિ.ઓ. સમાજના શ્રી જયંતિ ગાલા વગેરે પધારેલ. લબ્ધિભાઈએ કચ્છના વિકાસની માહિતી રજુ કરેલ. કચ્છ પધારવા આમંત્રણ આપેલ અને વતનમાં થયેલ જબ્બર વિકાસ-સર્જન જોવા હાકલ કરેલ. અગ્રણીઓનું બહુમાન કરાયેલ. કાર્યક્રમ અંતે સૌએ પ્રિતીભોજનનો લાભ આપેલ. સારી સંખ્યામાં કચ્છી-ગુજરાતી સમુદાયે હાજરી આપેલ.

### સાંગલી

ભલારાદાદા એસ્ટેટ એજન્સી પરિવાર દ્વારા શ્રી લબ્ધિભાઈ મોમાયાનાં માર્ગદર્શને સાંગલીમાં તા.૧૮-૩-૧૨નાં કચ્છી ભુવનમાં સમસ્ત ગુજરાતી સમાજ માટે માદરે વતનનાં વિકાસગાથા સેમીનારનું આયોજન થયું. ત્યાં કાર્યક્રમની વ્યવસ્થામાં સર્વશ્રી ગિરીશ નાગડા, હિરાચંદભાઈ, દિપકભાઈ અને શરદભાઈએ જહેમત લીધેલ.

દીપપ્રાકટ્ય, નવકારમંત્રપઠન બાદ વયોવરિષ્ટ શ્રી ઉમરશી પાસુભાઈ દેઢિયાનાં અધ્યક્ષસ્થાને કાર્યક્રમ શરૂ થયેલ. લોહાણા સમાજના શ્રી જમનાદાસ ઠક્કર, પાટીદાર સમાજનાં દામજીભાઈ પટેલ, અનિલભાઈ સામાણી, નવીનભાઈ છેડા, પ્રફુલ લોડાયા વગેરે પધારેલ. શ્રી લબ્ધિભાઈ મોમાયાનું બહુમાન કરાયેલ. કચ્છનાં વિવિધ પ્રશ્નોની ચર્ચા વિચારણાં થઈ. વતનનાં અપ્રતિમ વિકાસ ગાથાની રજુઆત થઈ. વતનમાં જમીન, ઉદ્યોગધંધામાં રોકાણ કરવા અપીલ થઈ. જેનાં ઘણાં લાભ મળવાના છે. શ્રી લબ્ધિભાઈએ વતન છોડી આવેલ કચ્છીઓને ફરી નંદનવન સમા કચ્છમાં પધારવા હાકલ કરેલ. વતન વિકાસની ફિલ્મ પણ દર્શાવાઈ. ગુજરાતી કચ્છી સમાજનાં કાર્યકરોએ સુંદર પ્રિતીભોજન વ્યવસ્થા સંભાળેલ. સમાજનાં પ્રતિનિધિઓએ બહોળી સંખ્યામાં હાજરી આપેલ.

### કેડીઓ સિનિયર સિટિઝન્સ ડિગ્નીટી ક્લબ-મુંબઈ

આવતા બે વર્ષ (૧-૪-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૪) માટે તા. ૨૨-૩-૨૦૧૨ના ઉપરોક્ત ક્લબના પદાધિકારીઓની ચુંટણી શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયાની દેખરેખમાં યોજવામાં આવી. નીચે જણાવેલ પદાધિકારીઓ બીનહરીફ ચુંટાયા.

પ્રમુખ શ્રી રતિલાલ વાલજી ખોના (નલિયા-માટુંગા), ઉપપ્રમુખ શ્રીમતી વિજયાબેન સુરેશ દંડ (ભરૂડીયા-વડાલા), માનદમંત્રી શ્રી મહેન્દ્ર બંકીમચંદ્ર લોડાયા (રવા-ઘાટકોપર), સહમાનદમંત્રી શ્રીમતી વનિતાબેન હરીશ નાગડા (નલિયા-એન્ટોપહીલ), ખજાનચી શ્રીમતી ભારતીબેન નવનિચંદ્ર લોડાયા (દલતુંગી-મસ્જીદ) સહખજાનચી શ્રી મધુકર લક્ષ્મીચંદ નાગડા (નલિયા-થાણા), કારોબારી સભ્યો શ્રીમતી રતનબેન કાંતિલાલ ખોના (રાયધણજર-મુલુંડ) શ્રીમતી હંસાબેન મણીલાલ કુરૂવા (ગોધરા-મુલુંડ), શ્રીમતી માલતીબેન હરીશ ઘરમશી (જખૌ-નવીમુંબઈ), શ્રીમતી જમકુબેન ગોવિંદજી ખોના (નલિયા-થાણા), શ્રીમતી લતાબેન લહેરચંદ વિકમશી (પરજાઉ-મસ્જીદ), શ્રી નવિનચંદ્ર ધનજી શાહ (દલતુંગી-મસ્જીદ), શ્રી લલિતકુમાર કાંતિલાલ શાહ (વરાડીયા-સેન્ડહર્સ્ટ રોડ), શ્રી વાલજી હીરજી ખોના સાંયરા-કાંજુરમાર્ગ), શ્રી હિરાચંદ વસનજી સાંયા (સુજાપુર-માટુંગા)

ક્લબ દ્વારા તા.૨૪-૨ થી ૨૯-૨-૧૨ દરમ્યાન રાજસ્થાનનાં પ્રવાસમાં આબુ-દેલવાડા, માનપૂર, મુગુથલા, દંતાણી, વરમાણ, મંદાર, જીરાવલા, ભેરૂતારક, કેવલબાગ, પાવાપુરી, કાલીંદી, ભીનમાલ, માંડવાલા, જાલોર, માંડોલી, શીરોહી, મીરપુર, બામણવાડા અને નાંદીયાજીના દેરાસરોનાં દર્શન કર્યા. પ્રવાસમાં ૨૫ યાત્રીકો જોડાયા હતા અને ખર્ચ ઓછો આવવાથી દરેક યાત્રીકને રૂા.૩૫૦, પાછા આપેલ.

આગામી પ્રવાસો : (૧) તા.૨૮-૪-૧૨ બોરીવલી નેશનલ પાર્ક, કેનેરી કેવ્ઝ, લાયન સફારી ૨) આંધ્રપ્રદેશ-૩૦-૮ થી ૭-૯-૧૨ (૩) સૌરાષ્ટ્ર-ગીરનાર-૧-૧૨ થી ૮-૧૨-૧૨ ૪) આસામ ૧-૨-૧૩ થી ૧૨-૨-૧૩ (૫) ગોવા ૧૫-૩-૧૩ થી ૨૨-૩-૧૩ સંપર્ક રતિલાલભાઈ ફોન ૨૦૪૨૧૮૫૯

### ડોંબીવલીમાં રક્તદાન શિબિર

તરૂણ મિત્ર મંડળ દ્વારા રક્તદાન અભિયાન હેઠળ ૭૫મી શિબિર રવિ તા.૨૨-૪-૧૨નાં સવારે ૮ થી સાંજે ૭ સુધી રોટરી ક્લબ હોલ, સુવિધિનાથ જિનાલય


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

પાસે ડોંબીવલી (ઇ)માં છે. સંસ્થાએ અત્યારસુધીમાં ૮૬ હજાર બોટલ રક્ત એકત્ર કરી માનવસેવા બજાવી છે. ઇચ્છુકો રક્તદાન-મહા દાન અભિયાનમાં ભાગ લે એવી અપીલ છે.

કચ્છ યુવક સંઘની ડોંબીવલી શાખા દ્વારા ૧૧મી રક્તદાન શિબિર તા.૧૫-૪-૧૨નાં નગરપાલિકા કાર્યાલયે આંબેડકર હોલમાં સવારે ૮ થી ૫ દરમ્યાન છે. રક્તદાન માટે સંપર્ક : શ્રી ઇલેશ ઘરોડ-૯૮૯૨૮૨૭૫૬૭/ ૯૮૧૯૩૦૨૭૫૪

### ડોંબિવલી અચલગચ્છ જૈન સંઘ

સંઘની નવી કાકરોબારીમાં શ્રી ઠાકરશી કેશવજી ગડા પ્રમુખપદે અને મેનેજીંગ ટ્રસ્ટી પદે, શ્રી નરેન્દ્ર શિયાલ ટ્રસ્ટી પદે, શ્રી લલિત રાજપાર નાગડા ઉપપ્રમુખ પદે, શ્રી પ્રવીણ ટોકરશી લોડાયા માનદમંત્રીપદે, શ્રી મુલચંદ મેઘજી દેઢીયા અને શ્રી ભરત વેરશી જીવાણી સહમાનદમંત્રી પદે અને શ્રી નિતીન નાનજી સાવલા કોષાધ્યક્ષપદે બીનહરીફ ચુંટાયા છે. હાર્દિક અભિનંદન.

### સંગીતના સથવારે મેડીકલ ઉપચાર


મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા ઉપયોગી મ્યુઝીક થેરપીના પ્રસારાર્થે ડાયાબીટીસ, બ્લડપ્રેશર, ડીપ્રેશન અને હૃદયરોગ જેવા હઠીલા પ્રશ્નોમાં રાહતરૂપ સમજનો સુરતાલ સંધ્યા કાર્યક્રમ "ધ સાઉન્ડ ઓફ મ્યુઝીક-ગીત ગાતા ચલ" રવિ તા.૨૦-૫-૧૨ના સાંજે ૬ થી ૧૦ સન્મુખાનંદ હોલ, સાયન (મુંબઈ)માં રજુ કરાશે. પ્રવેશ માત્ર પાસ આધારીત રહેશે.

આ કાર્યક્રમમાં જ્ઞાતિના જ્ઞાતિ સંગીતકાર શ્રી જયંતિ ગોસર માર્ગદર્શન અને દિગ્દર્શન કરશે. સૂત્ર સંચાલન યુવા શ્રી વૈભવ મોતા કરશે અને કાર્યક્રમની પરિકલ્પના શ્રી મનીષ ડાઘાની છે. કર્ણપ્રિય સુર સંગીતની આ સોહામણી સાંજમાં જ્ઞાતિનાં ઉગતા કલાકારો પણ પોતાની કલા પીરસવાનો નાનકડો પ્રયાસ કરશે. નામ નોંધણી માટે ૨૫-૪-૧૨ સુધી સંપર્ક શ્રી મનીષ ડાઘા-૨૫૬૭૯૬૭૭/ ૭૨

### ડોંબિવલી સંઘમાં જ્ઞાનભંડારની નવી ગોઠવણી

શ્રીઅચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલીમાં જ્ઞાનભંડાર પુસ્તકોની પુનઃગોઠવણી કરાઈ છે. પુ.સા.શ્રી અનંતપૂર્ણાશ્રીજી અને દિવ્ય પુર્ણાશ્રીજીએ જહેમત લઈ. જ્ઞાનભંડારના પાચ હજાર જેટલા પુસ્તકો અને ૫૦૦ પ્રતોને જાણવવા યોગદાન આપેલ. જ્ઞાનપિપાશસુઓએ આ સાહિત્યનો લાભ લેવા વિનંતી છે.


Since 1984...
Lagna Deep



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી,
રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા

• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી
ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
Mob.: 7666688881
ગુરૂવાર બંધ

મહેંદી ક્લાસીસ
ડોંબિવલી - મુલુંડ - ભાંડુપ

♦ ટ્રેડીશનલ, અરેબીક અખાતી, રોઝ, બ્લેક, જરદોશી
♦ તેમજ એક્સક્લુઝીવ બ્રાઈડલ મહેંદી ડીઝાઈનર્સ
♦ એડવાન્સ બ્રાઇડલ મહેંદી કોર્સ
♦ ફુલ પ્રેક્ટીસ અને સર્ટીફીકેટ કોર્સ
♦ લગ્નની સીઝન માટે એક્સક્લુઝીવ બ્રાઇડલ મહેંદી ડીઝાઇનર્સ
♦ મહેંદી રસમ તેમજ બ્રાઇડલ મહેંદીના ઓર્ડર લેવામાં આવે છે.
♦ મુંબઈ તેમજ બહારગામના ઓર્ડરનું બુકીંગ ચાલુ છે.

સંપર્ક : જસ્મીના એલ. ખોના
(૧૫ વર્ષના અનુભવી)
(મહેંદી આર્ટીસ્ટ, બ્યુટીશીયન તેમજ ટ્રેઈનર)
સંપર્ક : 9833343951 / 9323139732

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મુલચંદ લાલજી ખોના** | ૩૦૦૧ ગુરૂકૃપા, પ્લોટ ૨૦, રોડ નં.૧૧, વિઠ્ઠલનગર વિલેપાર્લે (વે), મુંબઈ-૪૦૦૦૪૯ |
| **હિંમત દંડ** | એ-૨૦૫, છેડા એન્કલેવર્સ, જૈન મંદિર રોડ, વિરાર (વે)-૪૦૧૩૦૩ ફોન ૦૯૩૨૧૦૫૬૧૧૭ |
| **તેજકુમાર દેવશી ખોના** | BS-4, શાંતિનગર, બી.જે. નગરની બાજુમાં, જલગામ-૪૨૫૦૦૧ |
| **ભવાનજી દેવશી લોડાયા** | ૧૨૦૨,નીલકંઠ હાઈટ, નીલકંઠ નગર, બી.પી.એસ.ક્રોસ રોડ, મુલુન્ડ(વે),મુંબઈ-80. 25683746/9819913967 |
| **કિરીટ ટોકરશી લોડાયા** | ૨૧ મોતીસાગર બીજે માળે, ગુપ્તે રોડ, ડોંબિવલી (વે)-૪૨૧૨૦૨ |
| **શીલા દેવશી મોતા** | ભાગ્યલક્ષ્મી બેકરી, દેશમુખવાડી, પાચોરા-૪૨૪૨૦૧ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

મણીલાલ લક્ષ્મીચંદ ધરમશી-ડોંબિવલી ૨૪૪૦૧૭૧ ખુશાલ લાલજી મોતા-કાંદીવલી૯૩૨૦૮૧૮૬૮૧/૯૮૧૯૧૦૮૫૪૮

જિજ્ઞેશ હિંમત દંડ-વિરાર ૦૭૪૯૮૧૬૪૬૦૧/૯૯૨૦૯૯૫૯૨૩

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૧-૧૨ | જલગામ | SIKN030203 | પ્રીન્સ-જતીન મધુકાંત ખોના | સાંયરા | પુત્ર |
| ૩-૩-૧૨ | ડોંબિવલી | KUMT010703 | કાવ્યા-જય નવીન મોતા | કુવાપધર | કન્યા |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮-૩-૧૨ | ચેમ્બુર | VRMO072204 | ચિરાગ ચંદ્રકાંત રાયચંદ મોમાયા | વરાડીયા | ૨૯ |
| | થાણા | A | દિપીકા સુરેશ રામેશ્વર મંત્રી | નોહર | ૨૪ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮-૩-૧૨ | ડોંબિવલી | A | સતીશ વિનોદકુમાર અમરચંદ શાહ | મઢડા | ૨૮ |
| | ડોંબિવલી | KBLO050904 | ભાવિકા ભરત પાસુભાઈ લોડાયા | મોટીખાવડી | ૨૪ |
| ૨૨-૨-૧૨ | માધાપર | SULO010203 | ધર્મેશ તારાચંદ વિશનજી લોડાયા | સુથરી | ૨૮ |
| | માધાપર | A | નિશા શશીકાંત ગાંગજી શાહ | માનકુવા | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯-૩-૧૨ | મસ્જીદ | BDLA070101 | નવીનચંદ્ર કેશવજી પાશ્વીર લાલકા | બાંઢીયા | ૫૮ |
| ૩૧-૩-૧૨ | ઈંદોર | SUDH041302 | સુશીલાબાઈ (દેવકુંવર) વિરચંદ લધાભાઈ ધરમશી | સુથરી | ૭૬ |
| ૨-૪-૧૨ | ડોંબિવલી | MDMA010501 | ખુશાલ ખીમજી માણેકજી મૈશેરી(કોઠારા) | માંડવી | ૭૦ |
| ૩-૪-૧૨ | અંધેરી | LLDD022301 | મણીલાલ પ્રેમજી ખેતશી દંડ | લાલા | ૮૪ |


K. Dixit
રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.
કૌશિક રાયચંદ શાહ (પટેલ) - સાંધાણ
982045 7676
417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in

વગર દવાએ સરળ ઉપચારથી
રજવાડીઠાઠથી જીવવાની કળા
હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંટણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવુ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુહાગ ઈન્સટ્રુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.
આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે
Raajendra B. Shah (Sr. therapist) Matunga, Mumbai.
Mob.: 9820002953 • Tel.: 022-24121234

# અબડાસા વિસ્તારના હૃદયસમા નલીયા મધ્યે

# વાલરામ વિલેજ

સ્વાર્થ સાથે પરમાર્થ

VALRAM ASSOCIATES
Founder
DAMA AGENCY (INDIA)
BUILDERS & DEVELOPERS




Site Add.: Valram Village, N.H. Opp. Coastguard Residency, Near Air Force Rly. St., Naliya Kothara Road,Naliya - Kutch - 370 655

**કચ્છમાં નલીયા નગરે વાલરામ વિલેજમાં રહેણાંક હેતુ માટે પ્લોટ**
**(માત્ર રૂા.૨૫૦૦/–નાં ૪૮ અને રૂા. ૫૦૦૦/–નાં ૬) માસિક સરળ હપ્તે મેળવો**

ભારતમાં પ્રથમ વખત દુનિયાની વિવિધતાઓને સમાવવાનો સહજ પ્રયત્ન.....એક એવી જગ્યાએ જયાં મૌન અને શાંતિ જન્મ લે છે, લીલીછમ ભીનાશમાંથી, પંખીઓના કલરવમાંથી, વૃક્ષોની ડાળીઓમાંથી,અહીં વસતા લોકોની મીઠાશમાંથી..... તમને આમંત્રણ આપી રહ્યા છીએ, આવો, ઉજવીએ જીવનને, ઉત્સવને, પ્રકૃતિના સંગીત સાથે.....

તરૂવરની તળેટીએ લીલોછમ સંવાદ,
દુરથી બોલાવે મુજને આ કોણ પાડીને સાદ,
અલબેલું જગ ભેગું થયું મારા ઘરની આસપાસ,
મૌનનું સંગીત અને લીલીછમ ભીનાશ.....

## વાલરામ વિલેજની કોમન એમેનિટીઝ

**દેરાસર બાંધવા માટે કોમન પ્લોટ ઉપલબ્ધ છે.**




Well laid roads with landscape


Electricity and Water Connection are Provided



Compound wall surrounds the whole site


Joggers Park


Play Ground


Street Light


Propose Valram Helipad



Attractive Front Gate

**આ સાથે દર મહિને આકર્ષક ઈનામો.....**

SPACE REALTORS

**For Booking and More Details Please Contact:**
**9820037908, 9320037908,9870627908**

Regd. Off.:C/2, Misquitta Nagar,C S Rd.,Nr. Swami Vivekanand School,Dahishar (E), Mum. - 68.
Admin. Off.:79, Universal Ind. Estate,I. B. Patel Rd.,Goregaon (E),Mum.- 63 Tel.:6561 6158

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.


**EKTA LAND DEVELOPERS**


# એકતા લેન્ડ ડેવલોપર્સનું નવલું નઝરાણું

રોકાણની સુવર્ણ તક

**"EKTA'S RUBY"**

સતત વિકસતા કચ્છ અબડાસાના મુખ્ય મથક **નલીયા**માં ફક્ત ૫૫ પ્લોટની એક આકર્ષક સ્કીમ. સી.સી. રોડ, ઈલેક્ટીક લાઈન, ગટર લાઇન, સેપ્ટીક ટેન્ક તથા પાણીની લાઈન સાથે આ પ્લોટો નલીયા-તેરા રોડ પર મહત્વના લોકેશન પર આવેલા છે. લીમીટેડ પ્લોટોનું વેંચાણ કરવાનું છે. માત્ર ઇચ્છુક મિત્રોને આમંત્રણ છે.




AREA TABLE

| PLOT NO. | SQ.MT | BUA | PLOT NO. | SQ.MT | BUA | PLOT NO. | SQ.MT | BUA |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 105.00 | 36.00 | 20 | 101.04 | 33.15 | 39 | 82.09 | 26.52 |
| 2 | 105.00 | 36.00 | 21 | 98.40 | 35.60 | 40 | 77.74 | 24.62 |
| 3 | 105.00 | 36.00 | 22 | 84.00 | 32.00 | 41 | 70.89 | 20.33 |
| 4 | 110.70 | 43.80 | 23 | 84.00 | 32.00 | 42 | 73.80 | 21.87 |
| 5 | 93.20 | 31.22 | 24 | 84.00 | 32.00 | 43 | 161.84 | 45.28 |
| 6 | 88.65 | 29.22 | 25 | 84.00 | 32.00 | 44 | 95.02 | 31.29 |
| 7 | 84.06 | 27.83 | 26 | 84.00 | 32.00 | 45 | 91.38 | 32.09 |
| 8 | 88.41 | 29.83 | 27 | 84.00 | 32.00 | 46 | 118.72 | 42.60 |
| 9 | 88.41 | 29.83 | 28 | 98.40 | 35.60 | 47 | 97.60 | 21.00 |
| 10 | 84.06 | 27.83 | 29 | 98.70 | 31.50 | 48 | 77.74 | 24.62 |
| 11 | 84.06 | 27.83 | 30 | 98.70 | 31.50 | 49 | 82.09 | 26.52 |
| 12 | 88.41 | 29.83 | 31 | 98.70 | 31.50 | 50 | 81.97 | 20.98 |
| 13 | 88.41 | 29.83 | 32 | 104.87 | 35.26 | 51 | 78.00 | 24.50 |
| 14 | 84.06 | 27.83 | 33 | 81.97 | 26.98 | 52 | 97.50 | 24.60 |
| 15 | 84.06 | 27.83 | 34 | 78.00 | 24.50 | 53 | 92.70 | 31.50 |
| 16 | 88.41 | 29.83 | 35 | 78.00 | 24.50 | 54 | 74.16 | 28.44 |
| 17 | 88.41 | 29.83 | 36 | 78.00 | 24.50 | 55 | 77.59 | 24.26 |
| 18 | 84.06 | 27.83 | 37 | 78.00 | 24.50 | | | |
| 19 | 101.74 | 33.80 | 38 | 78.00 | 24.50 | | | |

TOTAL BUILT UP AREA 1641.67 SQ.MT.

| | | |
|---|---|---|
| * TOTAL PLOT AREA (1 to 55) | 4947.22 | SQ.MT. |
| * COMMON PLOT AREA 1 & 2 | 851.64 | SQ.MT. |
| * TOTAL INTERNAL ROAD AREA | 2649.14 | SQ.MT. |
| * TOTAL LAND AREA | 8448.00 | SQ.MT. |

**વતનમાં... તમારા સ્વપ્નાનું ઘર મોકાની જગ્યાએ, ઓછા ભાવે અંકે કરી લો.**

## બુકીંગ અને માહિતી માટે સંપર્ક

**હેમંતભાઈ ગુલાબચંદ મોમાયા (મુંબઈ) : 09427763210**
**જુગલ માણેકજી નાગડા (કચ્છ) : 09978002772**
**કિરણભાઈ લખમશી મોતા (કચ્છ) : 9925991118**

**લીગલ એડવાઇઝર : લાલજીભાઈ કટુવા ● આર્કીટેકટ : ઓમ ઠક્કર ● કન્સલટન્ટ : જીતેન્દ્ર ઠક્કર**

રજી. ઓફીસ : ૮૧બી, ખેતરપાળ નગર-૨, વૈશાલી સિનેમાંની પાછળ, અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦
એડમીનીસ્ટ્રેશન ઓફિસ : મોતા ફલીયા, જૈન દેરાસરની બાજુમાં, નલિયા (કચ્છ) ૩૭૦૬૫૫
ફોન : 09978002772 / 9925991118/09427763210, 02831-222191 ● e-mail : ektaland@gmail.com

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**